ૐ

# પ્રલય નિવારણ

શ્રી સત્‌–ચિત્‌–આત્મન્‌

# પ્રલય નિવારણ

**પ્રલયનું સ્વરૂપ:**

આ પૃથ્વી પર કવચિત્ કવચિત્ આવતી મહાઆપત્તિ અથવા વિનાશકારી બનાવોની પરંપરા માત્રને પ્રલય કહેવામાં આવતો નથી. **પ્રલયકારી પ્રક્રિયાઓને કાળ સાથે સંબંધ છે.** હાલનો કાળ પ્રલયકાળ છે, જેની ચાલુ રહેવાની શક્યતા ઓછામાં ઓછી સદીના અંત સુધીની માનવામાં આવે છે, **જે દરમ્યાન પૃથ્વી પરની વસ્તીના મોટા ભાગના નાશની શકયતા** રહેલ છે.

પ્રલય બે પ્રકારના છેઃ **સામાન્ય તથા મહાપ્રલય.** મહાપ્રલયમાં પૃથ્વી સુદ્ધાંનાં નાશની અપેક્ષા રહે છે, જ્યારે સામાન્ય પ્રલયમાં આવી સંભવિતતા હોતી નથી. મહાપ્રલયનું નિવારણ શકય નથી, જ્યારે સામાન્ય પ્રલય કે જેમાં વિનાશની માત્રા આંશિક હોય છે તેને નિવાર્ય માનવામાં આવે છે. **પરંતુ આ નિવારણ યથાર્થ સાધનો દ્વારાજ શકય છે.**

પ્રલયકાળની આપત્તિઓને પણ બે વર્ગમાં વહેંચી શકાય. સામાન્ય **આપત્તિઓ** તથા **મહાઆપત્તિઓ.**

**સામાન્ય આપત્તિઓમાં** અનાવૃષ્ટિ ઉલ્કાપાત, અતિવૃષ્ટિ, મહાવાત, ભૂપ્રકંપ, સામુદ્રિક તોફાન, સાંક્રમક રોગો તથા હિંસક ક્રાંતિ વિગેરેનો સમાવેશ થાય છે, જ્યારે **મહા-આપત્તિઓમાં વિશ્વયુદ્ધ, જળપ્રલય તથા હિમયુગ મુખ્ય છે.**

**જગતના ભિન્ન ભિન્ન ધર્મોમાં પ્રલયનું સ્વરૂપ:**

જગતના ભિન્ન ભિન્ન ધર્મોમાં પ્રલયનું સ્વરૂપ જુદી જુદી રીતે બતાવેલ છે. દા. ત. ખ્રિસ્તીઓ તથા મુસલમાનોના ધર્મગ્રંથોમાં પ્રલયને 'ડુમ્સ ડે' અથવા 'કયામત'નો દિવસ કહેવામાં આવે છે, પરંતુ મહાવિનાશની દૃષ્ટિએ તે એકજ છે. **ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં** 'ડુમ્સ ડે' (ખ્રિસ્તીઓની માન્યતા પ્રમાણેનો પ્રલયકાળ) નજીક જણાતાં લોકોએ દુન્વયી સઘળી પ્રવૃત્તિઓ તાત્કાલિક ત્યજી, જીવનને પ્રાર્થનામય કરી દેવાનો આદેશ હોવાથી તેમજ આ જાતના પ્રલયકાળનો કોઈ નિશ્ચિત સમય બાઈબલમાં આપેલ નહીં હોવાથી, ભૂતકાળમાં ઘણી વખત ખ્રિસ્તી ભાવિકોને થતી પ્રેરણા અનુસાર વખતો વખત સાંસારિક પ્રવૃત્તિઓ છોડી દઈ, દૂર એકાંતમાં ચાલ્યા જવાને કારણે તેમજ કોઈપણ જાતના અસાધારણ પ્રલયકારી બનાવો નહીં

બનવાને લીધે, સામાન્ય રીતે લોકોને 'ડુમ્સ ડે'ની વાસ્તવિકતામાં શ્રદ્ધા રહેલ નથી.

ઉપરના આ સંદર્ભમાં એટલું કહેવું આવશ્યક છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ખ્રિસ્તી ભાવિકોને શ્રી મેરીમાતાએ આપેલ એકધારાં દર્શનો પરથી હવે એટલું સ્પષ્ટ થયું છે કે **બાઇબલમાં આપેલ 'ડુમ્સ ડે' આ વર્તમાન પ્રલયકાળ દરમ્યાનનો જ સમય છે.*** આ પરથી ભૂતકાળમાં પ્રલયકારી અસાધારણ બનાવો નહીં બનવાનું કારણ પણ સમજી શકાય તેમ છે.

## વર્તમાન પ્રલયકાળની વાસ્તવિકતા :

વિશ્વને સ્પર્શતી, **અદ્યપર્યંત ખરી પડેલ, અસંખ્ય** ભવિષ્યવાણીઓના સંદર્ભમાં, જગતના વિધવિધ ધર્મ-ગ્રંથો દા. ત. ભૃગુ, વરાહ, સૂર્ય જેવી વૈદિક સંહિતાઓ, મહાભારત, જૈન તત્ત્વ-પ્રકાશ, વિ., ક્રિશ્ચિયન બાઇબલ, તેમજ ઇસ્લામના ગ્રંથો અલકશ્ફ વલ્કત્મફી માર્ફત તથા માલાવુદ કબ્લુત કયામત વિ. માં. તેમજ પ્રાચીન, મધ્યકાળ તથા અદ્યતન સમય સુધીના જગતના પૌરાત્ય તથા પાશ્ચાત્ય

* જુઓ After Nostradamus, A. Woldben,

દેશોના આર્ષદૃષ્ટા, જ્યોતિર્વિદો તેમજ ભવિષ્યવક્તાઓએ કરેલ **એકધારી** આગાહીઓ અનુસાર **ઈ. સ. ૧૯૭૫થી ૨૦૦૦ સુધીનો સમય પ્રલયકાળનો છે,** જે દરમ્યાન અગાઉ કહ્યા પ્રમાણે, વિશ્વની મહત્ અંશની વસ્તીના નાશની શકયતા રહેલ છે.

ઉદાહરણ તરીકે થોડા જ સમય પહેલાં **પેરિસમાં મળેલ જગતના એકસો પચાસ શ્રેષ્ઠ જ્યોતિષ-શાસ્ત્રીઓની પરિષદ** "એવા ડરામણા નિષ્કર્ષ પર પહોંચી હતી કે **વિશ્વ વિનાશ ભણી ધસી રહ્યું છે."**

"પોતાના કથનોના સમર્થનમાં આંકડાઓ અને વિગતો આપતાં તેઓએ જણાવ્યું હતું કે ૧૯૮૩ પછી ગ્રહોની વક્રાકાર ગતિ મોટા ભાગના ગ્રહોને સૂર્ય ફરતી ઝૂમખામાં ગોઠવી દેશે. આવું ભાગ્યેજ બને છે અને લગભગ છેલ્લા દશ હજાર વર્ષ પહેલાં આ પ્રકારે ગ્રહો સૂર્ય ફરતા જમા થયા હતા."

"જ્યારે પણ ગ્રહો ઝૂમખામાં એકઠા થયા છે ત્યારે માનવજાત માથે વિપત્તિ આવીજ પડી છે તેમ જ્યોતિષીઓએ જણાવ્યું હતું. **ઉદાહરણરૂપે ગ્રહોની આવી બે જમાવટ પ્રથમ અને દ્વિતિય વિશ્વયુદ્ધને સમયે જ થઈ હતી."** ('જનસત્તા,' ૨-૧૦-૭૪).

આજ પ્રમાણે બુખારાના સુવિખ્યાત સંત શાહ નિયામતઉલ્લા વલ્લી સાહેબ, ભારતના ભવિષ્યવકતા યોગી આનંદાચાર્ય તથા ભૃગુ સંહિતાના ઊંડા અભ્યાસી સ્વામી અસીમાનંદ, ઈઝરાયેલના આંતરદૃષ્ટા સંત-હરાર, ફ્રાંસના મહાન ભવિષ્યવેત્તા માઇકેલ નોસ્ટ્રડેમસ તેમજ સ્પેઈનના જી. બેહિલાન્તે, હોલેન્ડના જેરાર્ડ ક્રાઈસે, અમેરિકાના એન્ડરસન વગેરે પ્રેરિત ભવિષ્ય કથન કર્તાઓએ પણ આ સમય આસપાસ અથવા સદીના અંત પહેલાં મહાયુદ્ધ અથવા **ત્રીજા વિશ્વયુદ્ધની નિશ્ચિતતા બતાવતી** આગાહીઓ સ્પષ્ટપણે કરેલ છે.

આ ઉપરાંત મહાભારતના વન-પર્વમાં તથા વરાહમિહરની ભવિષ્યવાણીમાં, ઇજિપ્તના પ્રાચીન મિનાર પર તેમજ ઈસ્લામના ધર્મ-ગ્રંથોમાં પણ વીસમી સદીના અંત સુધીમાં થનાર મહાયુદ્ધનો સંકેત મળી આવે છે.

**કુદરત દ્વારા વ્યકત થનાર પ્રલયકારી ઉગ્રતાની બાબતમાં** ઉપરના સુવિખ્યાત ભવિષ્યવેત્તા માઇકેલ નોસ્ટ્રડેમસે ચારસો વર્ષ પહેલાં કરેલ આગાહી પ્રમાણે "પ્રકૃતિને વીસમી સદીના અંતમાં જેટલી ક્રોધાયમાન થયેલી જોવામાં આવશે તેટલી પહેલાં કદી પણ જોવામાં

આવેલ નહીં હોય. જળને સ્થાને જમીન અને જમીનને સ્થાને જળ એવી પ્રલય જેવી સ્થિતિ ઉત્પન્ન થશે. કોઈ જગ્યાએ અતિવૃષ્ટિ તો કોઈ જગ્યાએ અનાવૃષ્ટિ થશે, કેટલાએ જ્વાળામુખી ફાટશે...."

## કેનેડાના વૈજ્ઞાનિકોએ પ્રયોગ દ્વારા સિદ્ધ કરેલ હિમયુગની શકયતા :

ઓટાવા તા. ૩: "એન્ટાર્કટિક (દક્ષિણ ધ્રુવ પ્રદેશ)નો બરફ કદાચ છૂટો પડે તેવી શકયતા છે, અને જો તેમ થાય તો **વિશ્વમાં દરિયાઓની સપાટીમાં ૨૦ ટકાનો વધારો થશે** એમ કેનેડાના વૈજ્ઞાનિકો જણાવે છે."

"**એન્ટાર્કટિક** .... લગભગ યુરોપના વિસ્તારના કદ જેટલો છે અને આ બરફ કેટલેક સ્થળે તો પાંચ કિલોમિટર જાડાઈવાળો છે. અહીં કરવામાં આવેલ અખતરાઓ જણાવે છે કે....**નીચે ગરમ પાણીનાં તળાવો છે.**"

"જો બરફના સ્તરો પીગળે અને સમુદ્રમાં જશે તો તેની સફેદ સપાટી સૂર્યના પ્રકાશને ફરીથી અવકાશમાં મોકલશે અને તેને લઈને ઠંડું વાતાવરણ સર્જાશે અને **પૃથ્વી ઉપર ફરીથી બરફ યુગ શરૂ થશે**".

('ફૂલછાબ' તા. ૪-૭-૭૫).

## અમદાવાદના ડૉ. અગરવાલનું હિમયુગ તથા તેની મહાવિનાશક અસર દર્શાવતું મંતવ્ય:

"આદિ કાળના હવામાન સંબંધી અભ્યાસોમાં એમ બહાર આવ્યું છે કે છેલ્લા એક લાખ વર્ષ દરમિયાન હિમયુગની ઘટમાળનું દસ હજાર વર્ષ પછી પુનરાવર્તન થાય છે."

**"વિશ્વ જેમાં પ્રવેશ કરે તેવો સંભવ છે તે હિમયુગમાં વિશ્વના આશરે એક ડઝન દેશોએ કદાચ સંપૂર્ણ વિનાશનો સામનો કરવાનો રહેશે અને ભૂખમરાથી બે અબજ જેટલા લોકોનાં મૃત્યુ થશે."**

"આવતા હિમયુગમાં કેનેડા, બ્રિટન, સ્વિત્ઝરલેંડ જેવા દેશો વિશ્વના નકશા પરથી સંપૂર્ણપણે ભૂંસાઈ જવાનો સંભવ છે, જ્યારે ભારતે ગંભીર અનાવૃષ્ટિ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. ભારત હિમાલય વિસ્તારના પ્રદેશો અને સિક્કિમ પણ ગુમાવશે."

(જનસત્તા તા. ૧૭-૧૧-૭૫).

★

## પ્રલયની દારુણ પરિસ્થિતિનો તાદૃશ્ય ચિતાર :

કેટલાક લોકો પ્રલયની વાસ્તવિકતાને એક કલ્પના ગણી નકારી કાઢે છે, જ્યારે બીજા તેને એક કૃત્રિમ રીતે ઊભો કરેલ ભય ગણાવી તિરસ્કારે છે. પરંતુ જો પ્રલય-કાળનું વર્તમાન અસ્તિત્વ સત્યજ હોય તો તેનો ભય પણ વાસ્તવિકજ છે અને જો આધ્યાત્મિક સાધનોથી પ્રલય નિવાર્ય હોય તો તેના ઉપહાસને બદલે તેને દૂર કરવાનાં સાધનોને નિખાલસતાથી અપનાવી, તેને અટકાવવામાં જ બુદ્ધિમત્તા છે.

વળી કેટલાક કહે છે કે મરણ તો એક વખત આવવાનુંજ છે અને અંતિમમાં તો કોઈ બચવાનું જ નથી તો પછી પ્રલય અંગે શા માટે કાયરતા ઊભી કરવી?

"હવે આમાં મુખ્ય પ્રશ્ન મનુષ્યો તથા પ્રાણીઓના બચવા નહીં બચવાનો અથવા કાયરતા કે શૌર્યતાનો નથી, પરંતુ **આ મહાઆપત્તિને કારણે અસંખ્ય જીવો માટે ઉત્પન્ન થતી અકથ્ય વ્યથા તથા અકલ્પ્ય યાતનાનો છે.** કારણ કે બચેલા લોકોમાંથી પણ કેટલાએ નિરાધાર બની ગયેલ બાળકો, સ્ત્રીઓ તથા વયોવૃદ્ધો, અંગ-હીન અશક્તો, રોગગ્રસ્ત પીડિતો તથા નિઃસહાય નિરાશ્રિતો

હશે, **જેની** વ્યથાયુક્ત **પરિસ્થિતિનો વિચાર માત્રજ દુઃખપૂર્ણ તથા દયાજનક છે.** વળી **હિમયુગ જેવી મહાઆપત્તિથી** જો વૈજ્ઞાનિકોની ગણત્રી પ્રમાણે "બે અબજ મનુષ્યના ભૂખમરાથી મૃત્યુ થવાનો સંભવ" રહેલ હોય તો **મરણ પણ** દુઃખનો તાત્કાલિક અંત લાવવાને બદલે તે **એક ધીમા અસહ્ય મહાત્રાસરૂપ બની જશે.** એટલે આવા સંજોગોમાં જો લોકો હજુ પણ સૂતા જ રહેશે અને ભકિતભાવપૂર્વક સત્-આચાર તથા પ્રાર્થના દ્વારા ઈશ્વર સન્મુખ થઈ સત્-કર્તવ્ય-પરાયણ નહીં બને, તો પ્રલય પ્રલયનું કાર્ય કરશે જ અને જગતના પ્રાણીઓને કષ્ટ તથા યાતનાની કારમી ચક્કીમાં પીસાવું પડશે.*

## ઈશ્વર-પ્રયોજિત પ્રલયને અટકાવી શકાય?

આ અગત્યના પ્રશ્ન પર થોડું મનન, ચિંતન કરવું પ્રત્યેક સુજ્ઞ મનુષ્યનું કર્તવ્ય છે. પ્રલયકારી આપત્તિઓની પરંપરાના તાત્કાલિક નિવારણના મહત્ત્વના કાર્યમાં વચ્ચે આવતા અવરોધક ઘટકોમાં બે અસત્ માન્યતાઓ મહાન

* જુઓ સત્-ચિત્-આત્મન્‌નું સત્યયુગ-સંસ્થાપન તથા પ્રલય-નિવારણ એક દિવ્ય-આધ્યાત્મિક માર્ગદર્શન, બ્રહ્મસ્વરૂપ શ્રી મુનિ મહારાજ પરના પત્રો – ૧૯૭૬.

વિઘ્નરૂપ છે. હિન્દુ ધર્મમાં દીર્ઘકાળથી પ્રચલિત, પહેલી માન્યતા એ છે કે "ઈશ્વરજ સૃષ્ટિના સર્જક, પાલક તથા સંહારક છે;" જ્યારે બીજી માન્યતા પ્રમાણે, "મહત્ અંશે, ઈશ્વર પૃથ્વીનો ભાર ઉતારવા જ અવતાર ધારણ કરે છે." **આથી કરી લોકોને પ્રલય સાહજિક, સ્વાભાવિક તેમજ ઈશ્વર-નિર્મિત આવશ્યક ઘટના માત્ર લાગે છે.**

પહેલી માન્યતાની બાબતમાં એટલું કહેવું પૂરતું છે કે વાસ્તવમાં પરિબ્રહ્મ **ઈશ્વર સૃષ્ટિના સર્જક કે સંહારક નથી,** તે તો પાલક માત્રજ છે. પ્રકૃતિના નિયમો અનુસાર **પ્રકૃતિ દ્વારાજ** બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે **તેમજ** રચાય છે અને **તેના** થકીજ અંતિમમાં ક્ષીણતા **પામી** તેમનું વિસર્જન થાય છે. જ્યારે **વચ્ચે થતા મહાવિનાશની સંહારક શક્તિ અવિદ્યા-માયા તથા તેનાં પરિબળો છે.** પરિબ્રહ્મ ઈશ્વર તો કેવળ તેનું પાલન કરે છે **અને તે પણ મુખ્યત્વે નૈતિક તથા આધ્યાત્મિક રીતે.**

એ ખરું છે કે પ્રસંગોપાત, પરિબ્રહ્મ ઈશ્વરના અવતારો – ભગવાન શ્રી રામચંદ્રજી તથા શ્રીકૃષ્ણ પરમાત્માએ ક્ષાત્ર જન્મને લીધે, સતકર્તવ્યતા અનુસાર, રાજ્યશાસનની ન્યાયયુક્ત પ્રવૃત્તિમાં, ધર્મ તથા નીતિના સંરક્ષણાર્થે, અનિ-

વાર્ય સંજોગોમાં, પોતાના સહજ નિષ્કામ બ્રહ્મભાવે, યુદ્ધ કરેલ અથવા ઉપદેશેલ છે, પરંતુ આ પ્રસંગો અપવાદરૂપ છે, નિયમરૂપ નથી.

"એટલે જો કે પરિબ્રહ્મ ઈશ્વર સદ્ધર્મના સંસ્થાપન દ્વારા લોકોનાં અજ્ઞાનજન્ય દુઃખો દૂર કરવા જન્મ ધારણ કરે છે, તોપણ તેમાંથી એવું ફલિત થતું નથી કે આ કાર્ય તેઓ સંહાર થકીજ કરી શકે. સાંખ્યેશ્વર શ્રી કપિલ ભગવાન, કરુણાવતાર શ્રી બુદ્ધ ભગવાન, ધર્મોદ્ધારક શ્રી ઈશુ ભગવાન, પ્રેમાવતાર શ્રી ચૈતન્ય મહાપ્રભુજી તથા સત્યયુગ-ધારિન્ શ્રી રામકૃષ્ણ પરમાત્માનાં દૃષ્ટાંત પૂરતાં છે.

"આ પરથી જોઈ શકાશે કે પરિબ્રહ્મ ઈશ્વરના સત્ય અવતારને સંહાર અથવા પ્રલય સાથે કર્તાપણાનો કોઈ વાસ્તવિક સબંધ નથી. પરિબ્રહ્મ ઈશ્વર પૃથ્વીનો અક્ષરશઃ ભાર ઉતારવા જન્મ લેતા નથી એટલે સંહારનો પ્રશ્ન અસ્થાને છે. ઈશ્વરનું અવતારી પ્રયોજન તો લોકહૃદય પર આરૂઢ થયેલ માયા તથા અવિદ્યાનાં પરિબળોને પોતાની સત્-શક્તિ વડે હટાવી, લોકમાનસમાં રૂઢ થયેલ અસત્ માન્યતાઓને સમ્યક્ જ્ઞાન દ્વારા દૂર કરી, પોતાની પવિત્ર તથા ચિન્મય લીલા થકી, લોકોનાં ત્રસ્ત હૃદય-મનને હળવાં

કરવાનું છે. સંહાર તો મનુષ્યોને દૈવવાદી અથવા માનવતા-વિહોણા બનાવી દે છે."

"પ્રલયની બાબતમાં એટલું યાદ રાખવું આવશ્યક છે કે જ્યારે મનુષ્યોનાં સમષ્ટિ અનિષ્ટ કર્મો પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે અવિદ્યા શકિત તેનાં પરિબળો થકી પ્રલયને પ્રેરી શકે છે. **પરંતુ આ શક્તિ પરિબ્રહ્મ ઈશ્વરની નથી. તે તો પારબ્રહ્મ ઈશ્વરથી દૂર ગયેલ બ્રહ્મ-વિરોધિની શકિત છે.** અનિષ્ટ કર્મોની **પ્રેરક આ અવિદ્યાશકિત લોકોને અજ્ઞાનના આવરણ નીચે રાખી તેમનાં અનિષ્ટ કર્મોને આધારેજ સંહારક બની શકે છે."**

"આ પરથી પણ સ્પષ્ટ થવું જોઈએ કે **પરિબ્રહ્મ ઈશ્વર પ્રલયના કર્તા નથી તેમજ આ ઈશ્વરના સત્ય અવતાર સંહાર થકી પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લેતા નથી.** આમ છતાં ઈશ્વરનું અવતારી કાર્ય પ્રલય લાવ-વાનું છે તેમ કહેવું તે **અવિદ્યા-માયાના અવતારને** યુદ્ધ જેવી પ્રલયની વિનાશકારી પ્રવૃત્તિમાં સાથ આપી, લોકોના તથા પોતાના જ વિનાશને આમંત્રી, માનવજાતિ સાથે અવિદ્યાના ઘોર સંસારમાં બંધાઈ જવા બરાબર છે; સાધુસંતોને અવિદ્યાત્મક માયાની અસત્ પ્રેરણાથી (આધ્યાત્મિક દૃષ્ટિએ)

નિષ્ક્રિય થવા દઈ તેમની જ અજ્ઞાનયુક્ત પ્રાર્થના દ્વારા પ્રલયનાં પરિબળોને ગતિમાન કરવા તુલ્ય છે; ઈશ્વરાવતાર તરીકે ઓળખાવવા આતુર માયાના અવતાર માટે તેની તપસ્યાને પ્રલયની આગ પ્રકટાવવાના અમાનુષી, મિથ્યા કાર્યમાં ભસ્મીભૂત કરાવવા પ્રોત્સાહન આપવા બરાબર છે, અને લોકોને અવિચારી તથા દૈવવાદી બનાવી પ્રલયની આપત્તિઓને અધ્યાત્મશક્તિ પર આધારિત પ્રાર્થના તથા યોગ્ય પુરૂષાર્થ વડે અટકાવવાને બદલે લોકોને પરિબ્રહ્મ ઈશ્વરના અસ્તિત્વ, જ્ઞાન, સત્-શકિત તથા કારુણ્યતાનું ભાન ભુલાવી, તેમને સત્-શ્રદ્ધા વિનાના તથા વિવેકહીન બનાવી દેવા તુલ્ય છે.

હવે ઉપરની બન્ને અસત્ માન્યતાઓને તિલાંજલી આપી જો લોકો કેવળ પરિબ્રહ્મ ઈશ્વરમાંજ શ્રદ્ધાન્વિત બને **તો સત્-સ્વરૂપ પરમાત્માની સંકલ્પશક્તિ સદા મુક્ત હોવાથી** અધ્યાત્મ વિજ્ઞાનના આધારે, યોગ્ય સાધન દ્વારા પદ્ધતિસરની પ્રક્રિયા પ્રમાણેના સમ્યક્ પુરૂષાર્થ વડે પ્રલયની **આપત્તિઓને** પરમાત્માની સહાય થકી અવશ્ય **નિવારી શકાય,** એટલું જ નહીં પરંતુ પરમાત્મા જગતના નૈતિક-આધ્યાત્મિક પાલક પિતા હોવાથી પોતાની સત્-શકિત

દ્વારા માયાનાં પરિબળો સામે માનવજાતિ તથા મૂકસૃષ્ટિના ઉદ્ધારક, નિયામક તેમજ સંરક્ષક બની શકે. આમ છતાં અધ્યાત્મ-વિજ્ઞાનને આધારે અપાતી આ સહાયમાં પરમાત્મા પ્રત્યેની અનન્યતા, નિષ્કામ ભકિત તથા સત્કર્તવ્યતારૂપ લોકોનો સહકાર આવશ્યક છે.

ઉપસંહારમાં પ્રલયકારી આપત્તિઓને આધ્યાત્મિક સાધનો વડે અટકાવવામાં સર્વ પ્રથમ પરમાત્મ-સન્મુખ થવું પરમ આવશ્યક છે, જે પ્રભુના સતત નામ-સ્મરણથી શક્ય છે. ઉપરાંતમાં આ મહાઆપત્તિઓને અટકાવવામાં સાધનનું સાતત્ય તથા તપસ્યાના એકધારાંપણાની પણ તેટલીજ આવશ્યકતા હોવાથી બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ અધ્યાત્મ-યજ્ઞની ઉપયોગિતા તથા અનિવાર્યતાનો ખરો ખ્યાલ આપોઆપ આવી જશે.

## ભવિષ્યવાણીઓની સત્યતા તથા ઉપયોગિતા :

એ ખરું છે કે ગ્રહગણિત, પરાદૃષ્ટિ તથા પ્રેરણા પર અવલંબતી ભવિષ્યવાણીઓ, સામાન્ય બુદ્ધિ તથા ભૌતિક પ્રયોગો દ્વારા શોધેલ પ્રકૃતિના નિયમોને આધારે વ્યક્ત કરતા વૈજ્ઞાનિક ભવિષ્ય-કથનોની જેમ એકધારી રીતે ખરી પડતી હોતી નથી, તો પણ વૈજ્ઞાનિક કથનો જ્યારે

પ્રકૃતિના નિયમોમાં સમાવિષ્ટ ભવિષ્ય માત્રની ઝાંખી કરાવી શકે છે, ત્યારે જ્યોતિર્વિદોની ભવિષ્યવાણીઓ તેનાથી પર જઈ હરકોઈ પ્રકારના ભવિષ્યનો તાદૃશ્ય ખ્યાલ આપી શકે છે. વળી વિજ્ઞાનથી જાણી ન શકાય તેવી કેટલીએ ભવિષ્યવાણીઓ અદ્યપર્યંત લગભગ અક્ષરશઃ સાચી પડેલ છે.

દૃષ્ટાંત તરીકે ઇંગ્લેંડના કીરોની પહેલા વિશ્વયુદ્ધ તથા પેલેસ્ટાઈનમાં યહુદીઓના વસવાટ વિષેની, ફ્રાંસના નોસ્ટ્રેડેમસની હિટલર તથા બીજા વિશ્વયુદ્ધ વિષેની, અમેરિકાના આર્થર કલાર્કની પૃથ્વીનો રહેવાસી અમુક સમયે ચંદ્ર પર ઊતરશે તેવી તથા એન્ડરસનની ભારતને ૧૯૪૭માં મળનાર સ્વતંત્રતા વિષેની તથા અમેરિકા ૮મી ઓગસ્ટે જાપાન પર અણુબોમ્બ નાખશે અને ૧૮મી ઓગસ્ટે યુદ્ધવિરામ થશે તેવી, તેમજ બુખારાના સંત નિયામતઉલ્લા વલ્લી સાહેબની પહેલા વિશ્વયુદ્ધની તારીખો તથા ખુવારીની સંખ્યા આપતી તથા બીજા વિશ્વયુદ્ધમાં અણુબોમ્બ વપરાવા વિષેની આગાહીઓ પૂરતી છે.

હવે આમાંની કોઈ પણ એક આગાહીને વિગતવાર રીતે તપાસી જોતાં એટલું અવશ્ય ફલિત થાય છે કે વૈજ્ઞાનિક વિધાનોની જેમ સમ્યક્ રીતે કરેલી ભવિષ્યવાણીઓ

પણ તેટલી જ સત્ય હોઈ શકે છે. દા.ત. ફ્રાન્સના ભવિષ્યદ્રષ્ટા નોસ્ટ્રેડેમસે ચારસો વર્ષ પહેલાં કરેલ, હાલના વ્યક્તિગત તથા સામાજિક જીવનનો ચિતાર આપતી ભવિષ્યવાણી પ્રમાણે, "વીશમી સદીના અંત ભાગમાં વિજ્ઞાનનો વિકાસ એટલો બધો વધી જશે કે મોટા ભાગની દુનિયા નાસ્તિક થઈ જશે. સામાજિક આચાર-વિચાર હલકી કોટિના થઈ જશે, ચારિત્ર્ય નામની કોઈ વસ્તુ જ નહીં રહે. રીતભાત (ફેશન)ની ધમાલ મચી જશે. ગૃહસ્થીઓ નામનાજ ગૃહસ્થાશ્રમી રહેશે. મોટા ભાગના લોકો ધ્યેયરહિત બની બહાર ભટકનારા તથા હોટેલોમાં ભોજન કરનારા થઈ જશે."

**હવે જો વિશ્વને લગતી આગાહીઓમાં દર્શાવેલ લોકોને સ્પર્શતું ઇષ્ટ અથવા અનિષ્ટ, સમ્યક્ પુરૂષાર્થથી પ્રાપ્ત કરી અથવા નિવારી શકાતું હોય તો, આવી આગાહીઓને 'આ વિધાનો વૈજ્ઞાનિક નથી' તેમ કહી નકારી કાઢવામાં કોઈ પણ જાતની બુદ્ધિમત્તા અથવા દૂરદર્શીપણું નથી.**

હાલને માટે તો પ્રલયની કેટલીક આપત્તિઓ અથવા તે વિષે કરેલ આગાહીઓ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ એક વાસ્તવિકતા બની ચુકેલ છે—દા.ત. કેનેડાના વૈજ્ઞાનિકોએ

પ્રયોગો દ્વારા સિદ્ધ કરેલ હિમયુગની શક્યતા તેમજ ગયે વર્ષે બ્રિટિશ વૈજ્ઞાનિકે કરેલ ટૂંક સમયમાં જ થવાની સંભવિતતા ધરાવતા ત્રીજા વિશ્વયુદ્ધ વિષેનું કથન. આ ઉપરાંત થોડા જ દિવસો પહેલાં અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી જ્યોર્જ ગુડમેને હાલમાં પૃથ્વીના પેટાળમાં પ્રવર્તતી પરિસ્થિતિને આધારે કરેલ વૈજ્ઞાનિક કથન પ્રમાણે "આવતા વીશ વર્ષમાં પૃથ્વી પર ભારે ઊથલપાથલ થવાની છે, ઈ.સ. ૨૦૦૦ સુધીમાં કેટલાયે પ્રદેશો સમુદ્રને તળીયે બેસી જશે, જ્યારે કેટલેય ઠેકાણે દરિયા નીચેની જમીન ઊંચી આવી જઈ નવા પ્રદેશો રચશે."

"આ સમય દરમિયાન બ્રિટિશ ટાપુઓનો અમુક ભાગ દરિયામાં ગરક થઈ જશે, અમેરિકા ખંડમાં એક પ્રચંડ ધરતીકંપથી આજનું ન્યૂયોર્ક શહેર હતું ન હતું થઈ જશે અને એશિયામાં જાપાન દેશ દરિયાઈ મહાજુવાળ તથા ધરતીકંપને કારણે સમુદ્રમાં ડૂબી જશે. આમ અનેક જગ્યાએ જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ જેવી પરિસ્થિતિ સર્જાશે."

(ગુજરાત સમાચાર: સાપ્તાહિક પૂર્તિ
તા. ૨૦-૭-'૮૦)

## પ્રલય નિવારણનાં સાધનો:

વિશ્વવ્યાપક સત્-સભાનતા તથા સત્-કર્તવ્યતા.

પરમાત્માના દિવ્ય સંકલ્પ અનુસાર વિશ્વાત્મક બ્રહ્મયજ્ઞ.

### ૧ સત્-સભાન સમાજ દ્વારા પ્રવર્તમાન પાપોનું પ્રશમન:

જ્યાં સુધી મનુષ્યને આધ્યાત્મિકતા તથા માયા, બ્રહ્મકેન્દ્રિત પવિત્રતા તથા માયાપ્રેરિત અપવિત્રતા, સાંસારિક સ્વાર્થમયતા તથા સર્વાત્મક આત્મૌપમ્યતા વિગેરેનું વિવેકયુકત ધર્મજ્ઞાન નથી ત્યાં સુધી તે સમાજને સત્-સભાન કહી શકાય નહીં. સત્-સભાન સમાજ દ્વારાજ સમષ્ટિ પ્રવર્તમાન પાપોને લોકોની દૃષ્ટિ સમક્ષ લાવી વ્યવસ્થિત માર્ગદર્શન દ્વારા દૂર કરાવી શકાય.

દૃષ્ટાંત તરીકે વિવેક-અવિચારી વૈજ્ઞાનિકતા તથા આત્મા-વિહીન આધુનિકતાને કારણે નીતિ તથા માનવતાહીન બનેલ મનુષ્યોના આહાર-વિહાર, રોગ-ઔષધ-સંશોધન તથા મનોરંજન અર્થે જગતભરમાં વિસ્તરેલ, અગણિત, સંવેદનયુકત પ્રાણીઓની અમાનુષી, કૃત્રિમ ઉછેર તથા તેમના અક્ષમ્ય સંવર્ધન દ્વારા અહર્નિશ ચાલતી અસંખ્ય, નિર્દોષ જીવો –

પશુ, પક્ષી તથા જળચરોની ઘોર પાપમય હિંસાનું લોકોને યથાર્થ ભાન કરાવી, તેમના સુષુપ્ત અંતરાત્માને જાગૃત કરી, લોક હૃદયમાં દયાનાં ઝરણાંનાં ફરી વહન થકી જ નિઃસહાય, નિરુપદ્રવી પ્રાણીઓના **માનવસર્જિત દૈનિક પ્રલયનું** સંપૂર્ણ શમન થઈ શકે. ઉપરાંતમાં આ ક્રિયાત્મક અહિંસારૂપ મહાયજ્ઞ પ્રલયના પ્રશમન માટેનું પણ અતિ મહત્ત્વનું સાધન છે.

## ૨ બ્રહ્મમંત્રના વિશ્વવ્યાપક અધ્યાત્મ-યજ્ઞ દ્વારા ભૂતકાલીન પાપોના પરિણામરૂપ પ્રલયબંધનો વિનિયોગ :

## ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ

## બ્રહ્મમંત્રનો શબ્દાર્થ તથા ભાવાર્થ :

ૐ = (अ) બ્રહ્મના નિર્ગુણાતીત, નિરાકાર સ્વરૂપનો પ્રતીક.
(ब) બ્રહ્મના નિર્ગુણ તથા સુગુણ ચિન્મય સ્વરૂપોનો વાચક શબ્દ.

હ્રીઁ = (મલિનવિદ્યાત્મક, બ્રહ્મ-વિરોધિની, અવિદ્યા શક્તિ તથા સંદિગ્ધાત્મક બ્રહ્મ-નિરપેક્ષ માયિક શક્તિ**થી** તદ્દન ભિન્ન) **બ્રહ્મની આર્ષ સંપત્તિ-પ્રદાયક શુદ્ધ-વિદ્યાત્મક સત્-શક્તિ.**

રામ = આ મંત્રમાં ત્રણ વખત ઉચ્ચારાતા બ્રહ્મના સત્ય અવતાર પરમેશ્વર **શ્રી** રામના દિવ્ય નામ પરથી **બ્રહ્મના પર્યાય** બનેલ પરમ પવિત્ર '**રામ**' શબ્દના અર્થ અનુક્રમે **નીચે** પ્રમાણે છે :

(૧) **રામ = બ્રહ્મના** સત્ય **અવતાર** (रामः साक्षात् परं ब्रह्म। -श्री अध्यात्म रामायण), ચિન્મય પરાત્પર અથવા સદ્દિવ્ય વિભૂતિ સ્વરૂપ;

(૨) **રામ = બ્રહ્મનું** નિર્ગુણ લક્ષણ — "**સત્ય**" (सत्यं ज्ञान अनंतं ब्रह्म। -श्री प्रश्नोपनिषद्);

(૩) **રામ=બ્રહ્મનો સ્વભાવ** – "**અધ્યાત્મ**"([ब्रह्म] स्वभावः अध्यात्मं उच्यते। --श्रीमद् भगवत् गीता).

## ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ

## બ્રહ્મમંત્રનો લક્ષ્યાર્થ :

બ્રહ્મના **કેવળ** નિર્ગુણાતીત, નિરાકાર સ્વરૂપના ઉપાસકો માટે:

**ૐ હ્રીઁ રામ**=સત્-વિદ્યાત્મક, સુગુણ-નિર્ગુણ, ચિન્મયાકાર બ્રહ્મના નિર્ગુણાતીત, નિરાકાર સ્વરૂપની મને જ્ઞાનાત્મક અનુભૂતિ થાઓ.

**જય રામ = સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન થાઓ.**

જય જય રામ=ત્રણે લોક (પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગ)માં આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.

બ્રહ્મના સુગુણ-નિર્ગુણ ચિન્મયાકાર સ્વરૂપના ઉપાસકો માટેઃ

ॐ હ્રીં રામ = આર્ષ-સંપત્તિ-પ્રદાયક, સદ્વિદ્યાશકિતયુકત મારા (પોતપોતાના) આરાધ્ય ઇષ્ટના સચ્ચિદાનંદ બ્રહ્મ - સ્વરૂપનો મને સાક્ષાત્કાર, પ્રતીતિ અથવા જ્ઞાનપ્રાપ્તિ થાઓ.

જય રામ = સારાએ જગતમાં સત્યયુગનું સંસ્થાપન થાઓ.

જય જય રામ = ત્રણે લોક (પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગ)માં આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.

## બ્રહ્મમંત્રનું સ્વરૂપ :

### ઇષ્ટમંત્રનું બ્રહ્મસ્વરૂપ :

ॐ કારમાંથી ઉદ્ભવેલ, અવિદ્યાત્મક, પ્રાકૃત તથા માયિક ધર્મોથી પર, ઉપર બતાવ્યા પ્રમાણે અધ્યાત્મ-ધર્મનો આ ઇષ્ટમંત્ર હોવાથી તેને બ્રહ્મમંત્ર કહેલ છે.

### બૃહત્ બ્રહ્મમંત્ર :

સાંપ્રદાયિક ધર્મોથી પર, છતાં સર્વધર્મોને સદ્ધર્મના

સુવર્ણ શિખર પર લઈ જનાર, પ્રત્યેક ધર્મના સત્ય ઇષ્ટને પૂર્ણ ભાવે અપનાવતો, બ્રહ્મના ચિન્મય વિશ્વવ્યાપક સાકાર તથા અનંત નિરાકાર સ્વરૂપને આવરી લેતો હોવાથી તેમજ સારાએ જગતમાં સત્યયુગ સંસ્થાપનનું બીજારોપણ કરતો હોવાથી આ બ્રહ્મમંત્રને બૃહત્ બ્રહ્મમંત્ર કહેલ છે.

## બ્રહ્મમંત્રની પ્રલય-નિવારણ શકિત

સાથેસાથે બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ અધ્યાત્મ યજ્ઞ દ્વારા પ્રલયની વિનાશકારી આપત્તિઓને હઠાવવામાં સમય સમયની પ્રસંગોચિત, સામુહિક પ્રાર્થના દ્વારા મળતી સફળતા* પરથી સત્યયુગ અર્થેના આ બ્રહ્મમંત્રને પ્રલય-નિવારણનો સિદ્ધ-મંત્ર પણ કહી શકાય.**

## બ્રહ્મયજ્ઞની વિશિષ્ટતા:

### બ્રહ્મયજ્ઞની શ્રેષ્ઠતા

જેવી રીતે યજ્ઞોમાં પરિબ્રહ્મ ઈશ્વરના સત્ય સ્વરૂપના નામનો અથવા પવિત્ર મંત્રનો જપયજ્ઞ શ્રેષ્ઠ છે – **यज्ञानां जपयज्ञोऽस्मि** ।** તેવીજ રીતે યજ્ઞોમાં ૐ હ્રીં રામ, જય

*શ્રીમદ્ ભગવત્ ગીતા.

**જુઓ હવે પછી આપેલ અનુભવો.

રામ, જય જય રામ અધ્યાત્મ-મંત્રની અખંડ ધૂનરૂપ બ્રહ્મયજ્ઞ સહજ રીતે જ સર્વશ્રેષ્ઠ છે – जपयज्ञानां ब्रह्मयज्ञोऽस्मि। આ કારણેજ આ ક્રિયાત્મક આધ્યાત્મિકતાના ઇષ્ટ-મંત્રને તેને બ્રહ્મયજ્ઞ દ્વારા આવનાર સત્યયુગનો બીજમંત્ર કહેલ છે.

## બ્રહ્મયજ્ઞની સાર્વભૌમ સર્વોપયોગિતા :

આ વર્તમાન પ્રલયકાળ કોઈ એક દેશ અથવા ખંડ પૂરતો નહીં પરંતુ સમગ્ર જગત તેના વડે ઘેરાયેલ હોવાથી તેમજ સત્યયુગ-સંસ્થાપનનું ધ્યેય પણ સારાએ વિશ્વને સમભાવે સ્પર્શતું હોવાથી, બૃહત્ બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ અધ્યાત્મ-યજ્ઞની સાર્વત્રિક આવશ્યકતા સહજ રીતેજ સમજી શકાશે.

સારાએ જગતમાં સત્યયુગ-સંસ્થાપન તેમજ પ્રલય-નિવારણરૂપ પરમાત્માનું પ્રવર્તમાન ઈશ્વરી કાર્ય એક અખંડ વિશ્વવ્યાપક અધ્યાત્મ-યજ્ઞ દ્વારા જ શક્ય છે. આ યજ્ઞપ્રવૃત્તિમાં બ્રહ્મમંત્રની વિશિષ્ટ ઉપયોગિતા તેના પ્રથમ પાદમાં આવતા પરમ પવિત્ર 'રામ' શબ્દમાં રહેલ છે, જે શબ્દ પોતપોતાના (બ્રહ્મના સત્ય સ્વરૂપ) આરાધ્ય ઇષ્ટના પર્યાય તરીકે વપરાયેલ હોવાથી આ બૃહત્ બ્રહ્મમંત્ર દ્વારા સર્વ ધર્મો તથા સંપ્રદાયોના લોકોના પોતપોતાના સત્ય

ઇષ્ટની પ્રાપ્તિ સાથે સત્યયુગ સંસ્થાપન તથા પ્રલય નિવારણનું પરમ ઉત્કૃષ્ટ ધ્યેય સારું એ જગત પ્રાપ્ત કરી શકે.

એટલે સર્વ ધર્મોના સત્ય ઇષ્ટના સાક્ષાત્કાર કરાવી શકવાની ક્ષમતા ધરાવતો, આ ક્રિયાત્મક આધ્યાત્મિકતાનો ઇષ્ટ મંત્ર, જગતમાં સત્યયુગના સંસ્થાપન તથા પૃથ્વી પરથી પ્રલયના નિવારણ માટે વિશેષરૂપે હોવાથી તે એક ચિન્મય સ્વયં-સંપૂર્ણ મહામંત્ર છે, જેનું પરમ મંગલકારીપણું તેના શ્રદ્ધાપૂર્વકના સતત સ્મરણ થકી અવશ્ય અનુભવી શકાય.*

ॐ प्रध्वंसकः प्रलयबंधानाम्
कृत-प्रत्यूषकः कृत्स्नावन्याम्।
बृहत् मंत्रः ब्रह्मविद्यानाम्
ॐ ह्रीँ राम, जय राम, जय जय राम॥

—सत्-चित्-आत्मन्

---

*વધુ સમજ માટે જુઓ ॐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ બ્રહ્મમંત્રનું માહાત્મ્ય, રહસ્યાર્થ તથા નિદિધ્યાસન.

## પ્રલયકારી આપત્તિ સૂચક તથા નિવારક દર્શનો:

### પ્રાસ્તાવિક

૧૯૭૦થી '૮૦ સુધીમાં ભારતમાં ઠેકઠેકાણે ભયંકર દુષ્કાળની આગાહી આપતી હિંદ તથા વિદેશના જ્યોતિષ-શાસ્ત્રીઓની ભવિષ્યવાણીઓના સંદર્ભમાં ૧૯૭૩માં સૌરાષ્ટ્ર તથા કચ્છે તો દુષ્કાળની કપરી પરિસ્થિતિનો વિકટ અનુભવ કરેલ. પરંતુ જ્યારે તે પછીના વર્ષ ૧૯૭૪માં પણ ભારતના પાંચ રાજ્યો (ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર તથા કેરાલા)માં વર્ષાકાળ દરમ્યાન વરસાદનાં વાદળો વરસ્યા વિનાજ ચાલ્યાં જતાં જોવામાં આવ્યાં ત્યારે પ્રભુશ્રીને આ પ્રમાણે થવાનું કારણ કોઈ અંતરિક્ષની આસુરી શક્તિ પ્રલયકારી આપત્તિઓને પ્રેરી રહી હોય તેમ જણાયું. ઉપરના આ અવરોધક પરિબળને હઠાવવા પ્રભુશ્રીએ **સત્યયુગ શ્રી રામજી મંદિરમાં** બ્રહ્મમંત્રની અખંડ ધૂન શરૂ કરાવી ત્યારે થોડા સમયમાંજ શ્રી રસિકભાઈ જોશીને પણ ખરેખરજ અંતરિક્ષની આસુરી શક્તિ વરસાદને અવરોધતી હોય તેવું સ્પષ્ટ દર્શન થયું.

ત્યારબાદ, ધૂન બે માસથી ચાલુ હોવા છતાં વરસાદ

નહીં આવવાનું કારણ ધૂન અતૂટ રહેતી નથી તેવી પ્રતીતિ થતાં, પ્રભુશ્રીએ સંવત ૨૦૩૦ના પુરુષોત્તમ માસની શ્રી રામનવમી તા. ૨૬-૮-૭૪થી આ ધૂન 'શ્યામલ'માં તેઓશ્રીના સાન્નિધ્યમાં ચાલુ કરાવી. **આ પવિત્ર માસના છેલ્લા દિવસથી ઉપરના આ પાંચે રાજ્યોમાં વરસાદ પડવો શરૂ થઈ,** પૂરતા સમય સુધી ચાલુ રહી, **પૂર્ણપણે વરસ્યો.** આ વરસાદ દુષ્કાળની પરિસ્થિતિવાળા પાંચે રાજ્યોમાં એટલા પુષ્કળ પ્રમાણમાં પડેલ કે પાછલા રવિ પાકની વિપુલતાની દૃષ્ટિએ તે વર્ષને "સારામાં સારાથી પણ વધુ સારા વર્ષ" તરીકે અધિકૃત રીતે સ્વીકારવામાં આવેલ અને દુષ્કાળ અર્થેના લગભગ ત્રણ કરોડ રૂપિયાના રાહત ફંડને સરકારે પાછું ખેંચી તેનો બીયાં તથા ખાતર માટે ઉછીની રકમ આપવા અંગે ઉપયોગ કરેલ.

પ્રભુશ્રીને લગતી ભૃગુ, સૂર્ય વિગેરે પ્રાચીન સંહિતાઓ પરથી સૂચિત તેમજ **પ્રયોગ** દ્વારા સિદ્ધ **થયેલ** આ ઇષ્ટ પરિણામને આધારે, 'શ્યામલ'માં **સત્યયુગ સંસ્થાપન** તથા **પ્રલય નિવારણ અર્થે** છેલ્લાં કેટલાંક વર્ષોથી ચાલતી **સર્વધર્માત્મક, સત્-સંસ્થાપક, પ્રલય-નિવારક 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'**

**અધ્યાત્મ મંત્રની અખંડ ધૂનરૂપ બ્રહ્મયજ્ઞ સાથે,** વર્તમાન પત્રો તથા રેડીયો અથવા પ્રેરણા દ્વારા, આવી રહેલ આપત્તિઓની ચેતવણીરૂપે થતી જાણ પ્રમાણે, તેમને અટકાવવા તે જ વખતે કરવામાં આવતી પ્રાર્થનાના તાત્કાલિક જવાબમાં, ધૂન કરતા ભક્તોને થતાં **પ્રલયની આપત્તિ નિવારતાં આગામી દર્શનો પરથી પ્રલય-નિવારક બૃહત્ બ્રહ્મમંત્રની અખંડ ધૂનની ઉપયોગિતા, અગત્યતા તથા અનિવાર્ય આવશ્યકતાનો** ખ્યાલ આપોઆપ આવી જશે. ઉપરના ૧૯૭૪ના દુષ્કાળના સંબંધમાં વરસાદની શરૂઆત પહેલાં જ શ્રી પુરુષોત્તમ માસ દરમ્યાન આ બાબતમાં કેટલાક ભક્તોને થયેલ **વરસાદનાં આગામી દર્શનોમાંથી** શ્રી માણેકભાઈ સેલારકાને થયેલ દર્શનો :

તા. ૧૫–૯–૭૪, 'શ્યામલ'માં આત્મન્ ભગવાનની આરતી દરમ્યાન વરસાદ વરસી રહ્યો હોય અને સત્યયુગની 'મુદ્રા' (સીલ)ની આરતી થતી હોય તેવું દર્શન થયું. સત્યયુગના દીપકની જ્યોત વરસાદમાં પણ સ્થિરપણે ઝળહળી રહી હતી! ત્યારબાદ લખાઈને આવ્યું **"માયાનો દીવો બુઝાય છે અને સત્યયુગનો દીપ પ્રકટ્યો!"**

તા. ૨૦-૧૦-૭૪, 'શ્યામલ'માં પ્રભુશ્રીની આરતી દરમ્યાન મને અગાઉ થયેલ આ જ દર્શન ફરી થયું, જેમાં રામલાલા શ્રી હરિ કમળ પર બિરાજે છે અને વરસાદ અનરાધાર પડી રહ્યો છે.

શ્રી રામલાલા ભગવાન પર વરસાદ ન પડે તે અર્થે કેટલાક હંસોએ ઉપર ઊડતા રહી, પાંખો પ્રસરાવી, છત જેવું બનાવેલ છે અને જળની સપાટી જે કમળ પર બાલ સ્વરૂપ રામલાલા ભગવાન બિરાજે છે તેની પાંખડીઓ સુધી પહોંચી ગયેલ છે!

જળ અત્યંત સ્વચ્છ તથા દર્શન મનોહર તેમજ દિવ્ય હતું.

૧૯૭૩ પછી સમગ્ર દેશમાં દુષ્કાળનો ભય છવાયો ત્યારે ધ્યાનમાં **'સતત પ્રાર્થના, અખંડ ધૂન'** લખેલ શબ્દો વંચાયા. ધ્યાનાવસ્થામાંજ પ્રભુશ્રીનું દર્શન થયું! **'સતત પ્રાર્થના થકી દુષ્કાળ અટકશે' તેમ તેઓ-શ્રીએ કહ્યું** અને ત્યારબાદ તુરતમાં જ કૃપા કરી મને 'શ્યામલ'માં રહેવા બોલાવી લીધો.

તા. ૨-૬-૭૬ પોરબંદર તથા વેરાવળ પર તોળાઈ રહેલ વાવાઝોડાના ભયના સમાચાર રેડિયો પર તેમજ

વર્તમાનપત્રમાં આવતાં તેને અટકાવવા પ્રભુશ્રીએ 'શ્યામલ'માં પ્રાર્થના કરાવી ત્યારે મને પ્રકાશના 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ' અક્ષરોનું બનેલ એક તીર પોરબંદર તરફ જઈ રહ્યું હોય તેવું દર્શન થયેલ. **તીરની ત્રિકોણાકાર અણિમાંથી પ્રકાશ સતત નીકળી રહ્યો હતો અને જેમ જેમ તે આગળ વધતું ગયું તેમ તેમ વાવાઝોડાને શાંત થતાં જોયું!** ત્યારબાદ મને ઊગતા સૂર્યનાં દર્શન થયાં, જેમાં સૂર્યના અર્ધ બિંબમાં રામલાલા શ્રી હરિને બિરાજતા નિહાળ્યા! આ પછી "વાવાઝોડાના વિનાશમાંથી બચેલું સમગ્ર સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત" તેવા ખબર તા. ૪-૬-૭૬ના 'ફૂલછાબ' દૈનિકમાં આવેલ.

તા. ૫-૬-૭૬, પ્રભુશ્રીની સવારની આરતી વખતે ભગવાનશ્રીની સાધના સમયના ચિત્રજીનાં દર્શન થયાં. ત્યારબાદ નીચે પ્રમાણેનું લખાયેલ એક સૂચન આવ્યું:

**"જગતને જાણ કરવાની જરૂર છે કે 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્રની ઠેક-ઠેકાણેની અખંડ ધૂન વગર પ્રલયના વિનાશક સંજોગો અટકશે નહીં".**

તા. ૬-૨-૭૮ની સવારે હું પ્રભુશ્રીની આરતી કરતો હતો ત્યારે મને નીચે પ્રમાણેનું લખાયેલ દર્શન થયું: **"પ્રાર્થના અને પ્રયત્ન થકી જગત બચશે."**

તા. ૮-૧૧-૭૮ના દિવસે ગોવાના કિનારા તરફથી ૨૦૦ કિ. મી.ની ઝડપે આવી રહેલ મહાવાત (વાવાઝોડા)ના ખબર રેડિયો પરથી મળતાં અહીં 'શ્યામલ'માં સત્ય-યુગ સંસ્થાપન અંગે ચાલતા 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ' અધ્યાત્મ મંત્રની અખંડ ધૂનરૂપ બ્રહ્મ-યજ્ઞના પ્રલય-નિવારણ માટેના નિયત નિયમ પ્રમાણે, આ વાવાઝોડાના શમન અર્થે પ્રાર્થના કરવામાં આવી ત્યારે મને આ વાવાઝોડું શાંત થઈ જશે તેમ દાખવતું નીચે પ્રમાણેનું **આગામી** દર્શન થયેલ:

**નિર્મળ શાંત જળ પ્રવાહમાં એક હોડી વહી રહી છે જેની આજુબાજુ પ્રકાશ છે!**

વધુમાં **જામનગરથી શ્રી** કરસનદાસભાઈ રાઠોડ તથા લાલપુરથી **શ્રી** રમણિકભાઈ મહેતા તરફથી ફોન તથા તાર દ્વારા આ ભયાનક આપત્તિ અટકે તે નિમિત્તે ઘટતું કરવા વિનંતી કરતા સંદેશાઓ મળ્યા ત્યારે પ્રભુશ્રી પાસે જઈ પ્રણામ કરતી વખતે મને **એક હોડીમાં એક**

વિશાળ કમળ છે જેની સઘળી પાંદડીઓ પ્રકા-શની બનેલી છે તેવું દર્શન થયેલ.

સાંજથીજ રેડિયો પર વાવાઝોડાની ભીષણતાનું તથા તેનાથી સાવધ રહેવાની સૂચનાઓનું પ્રસરણ થવા લાગ્યું. સમાચાર-પત્રોમાં પણ વાવાઝોડાની ગતિ તથા તે વિષેની ટૂંકી આગાહીઓ પ્રસિદ્ધ થવા લાગી. તા. ૮થી ૧૦મીની સાંજ સુધી લોકોનાં મન ભયનાં વાદળોથી ઘેરાયેલ રહેલ. સાવચેતી અંગે જામનગર આસપાસના એકત્રીસ ગામોના લોકોને જુદા સ્થળે ખસેડવામાં આવેલ.

ગયા વખતે સૌરાષ્ટ્રે અનુભવેલ વાવાઝોડાની પરિ-સ્થિતિ દરમ્યાન મહાવાતની ગતિ ૭૦ કિ.મી.ની હતી છતાં લોખંડના ગર્ડરના બનેલા વીજળીના થાંભલાઓ ઊંધા 'યુ' (∩) આકારે વળી ગયેલા, ત્યારે આ વખતે ૨૦૦ કિ.મી.ની ઝડપે આવનાર આ વાવાઝોડાથી શું થશે તેનો વિચાર માત્ર કંપાવી નાખનાર હોવા છતાં મને થયેલ દર્શન તથા સાથે થયેલ પ્રતીતિ કે પ્રભુશ્રીની કરુણા તથા કૃપા થકી સૌ કોઈ બચી જશે, તે કારણે મારું મન બિલકુલ નિશ્ચિંત તથા અવિહ્વળ હતું. સાથે સાથે આ નિમિત્તે થતી પ્રાર્થનાઓનો કાર્યક્રમ પણ વ્યવસ્થિત રીતે ચાલુ હતો.

છેવટે તા. ૧૧-૧૧-૭૮ 'શ્યામલ'માં શ્રી ભગવાનજી ભાઈને કચ્છના રણમાં શમી જતા વાવાઝોડાનું દર્શન થયું અને તેજ દિવસના સમાચાર પત્રોમાં પણ જાણવા મળ્યું કે સૌરાષ્ટ્ર પરનો ભય હળવો થયો છે. બીજે દિવસે "સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી ભીષણ વાવાઝોડું પાછું ફેંકાયું છે" તથા તા. ૧૩ મીના ફૂલછાબમાં "વાવાઝોડા-માંથી સૌરાષ્ટ્ર ઊગર્યું" તેવા ખાતરી કરાવતા ખબર મળતાં હૃદય આનંદથી ભરાઈ ગયું.

**પ્રલય નિવારણ અંગે પ્રભુશ્રીની દીર્ઘકાળથી થતી તપસ્યાની યથાર્થતામાં તથા બ્રહ્મમંત્રની પ્રલયબંધ-વિનિયોગની શક્તિમાં તેમજ શુભ પ્રયોજનાર્થે થતી નિષ્કામ પ્રાર્થનાના બળમાં આવશ્યક શ્રદ્ધા ઉત્પન્ન કરાવી તેને સુદૃઢ કરતો આ અનુભવ મને તથા શ્રી ભગવાનજીભાઈનેજ નહીં પરંતુ પોરબંદરના પ્રાધ્યાપક શ્રી કનૈયાલાલ-ભાઈ સારડાને કેટલાક દિવસો પહેલાં આગામી દર્શનરૂપે તથા રાણાવાવના શ્રી ચુનિભાઈ મહેતાને મહાવાત દરમ્યાન અભય આપતી પ્રતીતિરૂપે થયેલ, જે નીચે પ્રમાણે છે:**

કેશવ નિવાસ,
ભોજેશ્વર પ્લોટ,
પોરબંદર.

"પોરબંદરના દરિયામાં મોટામોટા પ્રલયકારી લોઢ ઊછળી રહ્યા છે, ચારે બાજુ હાહાકાર મચી રહ્યો છે. મારાથી પણ પ્રલયનું આ તાંડવ જોઈ રડી પડાય છે. પરંતુ ત્યાં તો હું જોઉં છું કે પ્રભુશ્રી પોરબંદરના દરિયા પર એક મોટા જહાજમાં જગત પર અપાર કરુણા વરસાવતા પરાત્પર પરબ્રહ્મ સ્વરૂપે અભયમુદ્રામાં ઊભા છે અને થોડીજ ક્ષણોમાં દરિયાનું બધું તોફાન શમી જાય છે. ચારે બાજુ શાંતિ પ્રસરી રહી છે! આ પછી ત્યાંજ [સમુદ્ર પર] મને સત્યયુગના સોનેરી સુપ્રભાતનું દર્શન થયું અને મારું ચિત્ત અત્યંત પ્રસન્નતા અનુભવી રહ્યું."

શ્રી કનૈયાલાલ સારડા

ગોપાલપરા,
રાણાવાવ.

"બાવાજોડાના ખૂબજ ભયંકર સમાચાર રેડિયો પર અને ગામમાં સંભળાતા હતા ત્યારે મને એવો અનુભવ થયો કે આપ (પ્રભુશ્રી) પ્રત્યક્ષ મારી સામેજ છો અને

સંદેશો આપો છો, "કંઈ જ થવાનું નથી. 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' મંત્રના જપ કરો!"

શ્રી ચુનિલાલ કેશવલાલ મહેતા

'સત્-કબીર'
બેડીપરા ટાંકી સામે,
ભાવનગર રોડ,
રાજકોટ.

એક વખત મને ધ્યાનમાં વિનાશકારી આપત્તિઓની પરંપરા દર્શાવતા એક તૂટતા પહાડની ઝાંખી થઈ, જેમાં મેં મોટી મોટી શિલાઓ તથા પત્થરો છૂટા થઈ પડતાં જોયા. સાથે સાથે **"ઠેર ઠેર અખંડ ધૂન"** સ્પષ્ટપણે શબ્દોમાં લખેલ જોઈ, જેનો અર્થ એવો થતો હતો કે **પ્રલયકારી આપત્તિઓ અટકાવવા ઠેકઠેકાણે બ્રહ્મ-મંત્રની અખંડ ધૂનની અનિવાર્ય આવશ્યકતા છે.**

તા. ૭-૨-૭૮ના રાત્રે હું શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરતો હતો ત્યારે દર્શનમાં મેં નીચેના ખંડમાં **'ધૂન અતૂટ રાખો"** તેવા છાપેલ પત્રો પડેલ જોયા.

તા. ૧૨-૬-૭૯ના રોજ પૃથ્વી આસપાસ ભ્રમણ

કરતું અમેરિકાનું **'સ્કાયલેબ'** એકાદ માસમાં તેની ભ્રમણ-કક્ષામાંથી નીકળી જઈ પૃથ્વી પર પટકાઈ પડશે તેવા ખબર મળતાં પ્રભુશ્રીએ 'શ્યામલ'માં આ યાન કોઈ વસ્તીવાળા વિસ્તાર પર પડે નહીં તે અંગે રાત્રે ૧૦-૨૫ વાગે પ્રાર્થના કરાવી ત્યારે મને આ 'સ્કાયલેબ' પાણીમાં પડતું હોય તેવું **આગામી દર્શન** થયેલ.

ત્યાર બાદ બરાબર એક માસ પછી તા. ૧૧-૭-૭૯ના ૮-૩૦ વાગ્યે સ્કાયલેબ ઓસ્ટ્રેલિયા પાસેના સમુદ્રમાં પડેલ.

એક વખત પ્રલય-નિવારણના સંદર્ભમાં કોઈ ભક્તે શંકા કરી કે **જ્યોતિષીઓની આગાહીઓની સત્યતામાં ખરેખર કંઈ તથ્ય હશે?** દા. ત. ૧૯૬૨માં અષ્ટગ્રહયુતિ વખતે પૃથ્વી પર મોટી આપત્તિઓ આવશે તેવાં અનેક જ્યોતિષ-કથનો હોવા છતાં કંઈજ બનેલ નહીં તો પછી **આ કથનો સત્ય છે તેમ કઈ રીતે કહી શકાય?**

આ વાતચીત ચાલતી હતી તે જ વખતે મને એવું દર્શન થયું કે ભૂતકાળમાં **અષ્ટગ્રહયુતિને કારણે આવનારી આપત્તિઓ પ્રભુશ્રીની તેમના નિવારણ અંગેની તપસ્યા થકી જ અટકેલ હતી.**

પ્રભુશ્રીના બતાવ્યા પ્રમાણે જે આગાહીઓ ભૂતકાળમાં

સત્ય પડેલ નથી તેના અસત્ય થવાનાં બે કારણો હોઈ શકે, એક કારણ આગાહીકર્તાની સૂક્ષ્મ દૃષ્ટિ, ગણત્રી અથવા પ્રેરણામાં દોષ–અનિપુણતા અને બીજું કારણ (ખાસ કરી જ્યારે આગાહીના ખોટાપણામાં જ આપત્તિનું નિવારણ હોય ત્યારે) પરમાત્માની સર્વોપરિ મુક્ત સંકલ્પશક્તિ પણ હોઈ શકે. હવે આ કારણે ખોટું પડવું આગાહીકર્તાની અદક્ષતા દાખવતું નથી. ખરું જોતાં તે ઇચ્છનીય અને આવકારપાત્રજ છે.

પ્રભુશ્રીના મંતવ્યમાં **"જગતના વ્યવહારો લોકોનાં સમષ્ટિ કર્મો, પ્રકૃતિના નિયમો તથા દૈવ અનુસાર થયા કરતા હોવા છતાં પરમાત્માની સંકલ્પ-શક્તિ સદા મુક્ત હોવાથી તેમના અવતાર થકી તે નિમિત્તે કરેલ અથવા કરવામાં આવતી તપસ્યા થકી આ આપત્તિઓને ટાળી શકાય, એટલું જ નહીં પરંતુ તેમના જ્ઞાનયુક્ત માર્ગદર્શન પ્રમાણે લોકોના સહકાર થકી સારાએ જગતને મહાવિનાશમાંથી બચાવી પણ શકાય."**

શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા
(બ્રહ્મકિરણ)

પ્રલયની આપત્તિરૂપ ઇંગ્લેન્ડમાં ઉદ્‌ભવેલ દુષ્કાળની ભયંકર પરિસ્થિતિના ખબર શ્રી નારણભાઈ વહેલી રાત્રે, 'શ્યામલ'માં લાવતાં પ્રભુશ્રીએ તે સમયે હાજર ભક્તોને આ વિકટ પરિસ્થિતિ દૂર થવા પ્રાર્થના કરવા કહ્યું ત્યારે **શ્રી નટુભાઈ જોશીને ઇંગ્લેંડમાં વરસાદ પુષ્કળ પ્રમાણમાં પડી રહેલ હોય તેવું આગામી દર્શન થયેલ.** પરંતુ આ પછી બે-ત્રણ દિવસમાં તા. ૨૮ ઓગસ્ટ ૧૯૭૬ના **'જનસત્તા'** વર્તમાનપત્રમાં નીચે પ્રમાણે ખબર આવ્યા :

લંડન તા. ૨૮-૮-૭૬.

**"પાંચસો વરસમાં કદી નહિ જોયેલ દુષ્કાળના ભીષણ પંજામાં ફસાયેલ બ્રિટનના** દક્ષિણ ભાગ તથા લંડનમાં આડત્રીસ દિવસમાં પહેલીવાર મેઘરાજાએ દર્શન દેતાં ઝરમર વર્ષાએ જમીન ભીની કરી હતી. એક મિ. મી. જેટલા આ વરસાદથી પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયેલ નથી".

પ્રભુશ્રીએ લંડનમાં રહેતા ભક્ત શ્રી કરસનદાસભાઈ રાઠોડ પરના પત્રમાં ઇંગ્લેંડમાં ઊભી થયેલ દુષ્કાળની આ પરિસ્થિતિની બાબતમાં તેના નિવારણ અંગે અહીં કરેલ

પ્રાર્થના તથા જવાબમાં પુષ્કળ પ્રમાણમાં પડતા વરસાદનું દર્શન તેમજ વર્તમાન-પત્ર દ્વારા મળેલ નહિવત્ વરસાદના સમાચાર વિષે સાહજિક રીતે જણાવેલ.

આ બાદ બે માસ પછી, શ્રી કરસનદાસભાઈ તરફથી મળેલ પત્રમાં વરસાદની પરિસ્થિતિની વિગત નીચે પ્રમાણે હતી :

કે. પી. શહોડ,<br>
૫૮, ડ્રેઈક ફિલ્ડ રોડ,<br>
ટુટલ બેક,<br>
Sw. 17-8 RP,<br>
લંડન,<br>
તા. ૩૦--૧૦-૭૬

"....પૂજ્ય પ્રભુશ્રીને ઇંગ્લેંડ તરફ પુષ્કળ વરસાદ આવી રહ્યાનાં દર્શન થયાં હતાં, અને મને કાગળમાં સમાચાર મળ્યા હતા. **ત્યાર બાદ ઘણો સારો વરસાદ થયો છે અને આ મોસમમાં ક્યારેય આટલો વરસાદ થતો નથી.** એથી **પાણીનું રેશનિંગ** અમુક ભાગમાં થવાનું હતું **તે બંધ રહ્યું છે** અને 'આવતા ઉનાળા સુધી કોઈ જાતની મુશ્કેલી પાણીની પડશે નહીં' એમ સમાચાર જાહેર કરવામાં આવ્યા છે. અહીં ઉનાળામાં

વરસાદ થાય છે એટલે ઉનાળા સુધી લખ્યું છે.

પૂ. શ્રી પ્રભુશ્રીને મારા સાષ્ટાંગ દંડવત પ્રણામ."

કરસનદાસ પ્રા. રાઠોડ

'શ્યામલ'માં અખંડ ધૂનના ઓરડામાં એક વખત મને **જળપ્રલયની** ઝાંખી કરાવતું દર્શન થયેલ, દિશાઓ જાણે પાણીથી ઊભરાઈ રહી હોય. ક્યાંય પણ મકાન, વૃક્ષ કે માનવની હસ્તી જોવામાં આવતી ન હતી. માત્ર એક જ મકાન પાણીમાં તરતા જહાજ જેમ જણાયું. તે મકાનનો પણ એક જ મજલો પાણી બહાર હતો અને તેની બારીમાંથી શાંત પ્રકાશ ચારે બાજુ વેરાતો હતો.

તા. ૧૧-૭-૭૭ એકાદશીની રાત્રીએ 'શ્યામલ'માં કીર્તન સમયે ધ્યાન અવસ્થામાં મને એવું દર્શન થયું કે-

"હિમાલય તથા દેશના જુદા જુદા ભાગોમાં અમુક તપસ્વીઓ પૃથ્વી પર જળ પ્રલય પ્રેરી રહ્યા છે."

શ્રી રસિકલાલ જોશી

૧૯૭૭ના સપ્ટેમ્બર માસમાં પોરબંદરમાં થયેલ અતિવૃષ્ટિ તથા દરિયાઇ તોફાન વખતે મને ત્યાંની દીવા-

દાંડીના અમુક ભાગનું સ્પષ્ટ દર્શન થયેલ. આ સાથે દરિયાનાં મોજાંઓ જાણે શહેરને જમીનમાંથી ઉખેડી નાખવા મથતાં હોય તેવા જોરથી અફળાતા સમુદ્રનું દર્શન થયેલ. આ જાતનું ભયંકર દર્શન મને બે વખત થયેલ.*

૧૯૭૭ના ઓગસ્ટ–સપ્ટેમ્બર માસ દરમ્યાન મને એવું દર્શન થયેલ કે હું કોઈ એક જગ્યાએ સ્થિર બેઠો છું અને ત્યાંથી દૂર દૂર સુધી રેતીના મોટા ઢગો પથરાયેલ જોયા. કોઈપણ જગ્યાએ જરા જેટલી વનસ્પતિ ન હતી. અને માનવનું અસ્તિત્વ પણ જણાતું ન હતું.

તા. ૨૧–૭–૭૮ આજે સવારે એક ભકતે 'શ્યામલ' આવી પ્રભુશ્રીને ખબર આપ્યા કે ઉત્તર પ્રદેશ અને આજુ-બાજુના વિસ્તારમાં નદીના પૂરને કારણે લાખો લોકો પર આપત્તિ આવી પડી છે અને તેમને બચાવવા માટે લશ્કરની મદદ પણ લેવામાં આવી છે.

પ્રભુશ્રીએ તેજ વખતે 'શ્યામલ'માં હાજર રહેલ સર્વ ભકતોને પ્રાર્થના કરવા કહ્યું, પ્રાર્થના કરતાં મને એવું દર્શન થયું કે, પ્રથમ જળ ચારે બાજુ ધસી રહ્યાં છે

* પોરબંદર શહેર પણ બે વખત મહાવાત તથા સામુદ્રિક તોફાનનું ભોગ બનેલ પરંતુ તેમાંથી સાંગોપાંગ બચી ગયેલ. –સંપાદક

અને તેમાં કેટલીક હોડીઓ ડૂબી રહી છે. ત્યાં તો દૂરથી એક સુંદર દિવ્ય હોડી આકાશમાંથી ઊતરી અને તે તોફાની જળમાં પ્રવેશી ચારે બાજુ સ્થિર અને મક્કમ ગતિએ ચાલવા લાગી. આ હોડી જે જે જગ્યાએ જવા લાગી ત્યાં ત્યાં જળ શાંત થવા લાગ્યાં અને બાકીની બધી હોડીઓ પણ સ્થિર થવા લાગી. થોડીવારમાં પ્રલયકારી આપત્તિ સમાન જળનું તોફાન તદ્દન સમી ગયું અને વિશાળ જળરાશિ મધુર ગુંજન કરતો લહેરાવા લાગ્યો.

આજ આપત્તિ સંબંધે પ્રાર્થના કરતાં શ્રી નટુભાઈ જોશીને પ્રથમ એવી ઝાંખી થઈ કે એક મોટો કાળો નાગ એ વિસ્તારમાં પડેલો છે. આ નાગ કોઈ અનિષ્ટ પરિબળનું સૂચક જણાતાં પ્રભુશ્રીએ તે દૂર થાય તેવી પ્રાર્થના કરાવતાં મને એવું દર્શન થયું કે એ નાગ તે જગ્યાએથી દૂર થઈ ગયેલ છે. ત્યારબાદ તુરત જ શ્રી વિષ્ણુ ભગવાનનાં ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થયાં. શ્રી નટુભાઈને પણ આજ પ્રમાણે દર્શન થયેલ.

તા. ૧૧-૮-૭૮ના ફૂલછાબમાંથી "સુરેન્દ્રનગર જીલ્લા પર ઝઝૂમતા દુષ્કાળના ઓળા....૬૦૦ ગામોમાં ફક્ત એકથી આઠ ઈંચ વરસાદ. ૬૦ ગામોમાં વરસાદ બિલકુલ

નથી. મોલાત સુકાવા લાગી છે. પાણીના પુરવઠામાં ૫૦ ટકા કાપ" વિ. ખબર મળતાં પ્રભુશ્રીએ આરતી બાદ પ્રાર્થના કરાવતાં શ્રી નારણભાઈને પ્રાર્થનાના જવાબમાં અભય આપતા શ્રી શારદા માતાજીનાં દર્શન થયેલ. સાથે સાથે આકાશમાંથી પ્રકાશિત વરસાદનાં ફોરાં વરસી રહ્યાં હોય તેવાં દર્શન થયેલ.

ત્યારબાદ તા. ૧૮-૮-૭૮ના ફૂલછાબમાં "આખા સૌરાષ્ટ્રમાં સમયસર વરસાદ. વરસ બચી ગયું." તા. ૧૯-૮-૭૮ના ફૂલછાબમાં "ત્રીજા દિવસે પણ સૌરાષ્ટ્રમાં ચાલુ રહેલી અમીધારા" તેવા ખબર આવેલ. ત્યાર બાદ તા. ૨૭-૮-૭૮ના ફૂલછાબમાં "સૌરાષ્ટ્રમાં ઠેરઠેર શ્રાવણ માસનાં શરૂ થતાં સરવડાં" જેમાં સુરેન્દ્રનગર જીલ્લાના, મોટા ભાગના વિસ્તારોમાં પણ થયેલ વરસાદની વિગત આપ્યા બાદ "આ વરસાદથી પાકને ફાયદો થયો છે અને વરસ સારુ નીવડશે" તેવા ખબર આવેલ.

તા. ૨૨-૮-૭૮ના ગંગાજીમાં પાણી વધવાથી કેટલાંક ગામો તથા લોકો ભયમાં છે તેવા ખબર મળતાં પ્રભુશ્રીએ ભયગ્રસ્ત લોકોના તથા પ્રાણીઓના રક્ષણ અર્થે પ્રાર્થના કરાવી ત્યારે શ્રી ભરતભાઈ વ્યાસને એવું દર્શન

થયું કે આકાશમાંથી એક તીર ગંગાજીના પાણીમાં ઊત-રતું હોય. પ્રભુશ્રીને આ દર્શન શુભસૂચક નહીં લાગતાં તેઓશ્રીએ કહેલ કે આસુરી પરિબળો હજુ વધુ ઉપદ્રવ કરે તેવી શકયતા લાગે છે.

બીજાજ દિવસના "સંદેશ"માં "ઉત્તર ભારતમાં ત્રાહિમામ્ પોકરાવતાં નદીઓનાં નીર" તેવા ખબર આવતાં પ્રભુશ્રીએ ફરી એક વખત પૂરગ્રસ્ત લોકોના સર્વ પ્રકારના રક્ષણ અર્થે પ્રાર્થના કરાવી ત્યારે શ્રી નારણભાઈને અભય આપતાં શ્રી શારદા માતાજીનાં તથા નદીઓનાં પૂર ઘટી રહ્યાં હોય તેવું સ્પષ્ટ દર્શન થયેલ.

ત્યારબાદ તા. ૨૫-૮-૭૮ના રેડીયો પર સમાચાર આવ્યા કે ગંગાજીનાં પૂર ઓસરી રહ્યાં છે.'

તા. ૨૭-૮-૭૮ના 'સંદેશમાં' તાપી, નર્મદા તથા વિશ્વામિત્રીમાં પૂરનાં પાણી વધી રહ્યાં છે તેવા ખબર મળતાં મને બે વખત નીચે પ્રમાણેનું એક સરખું દર્શન થયેલ.

દીવાદાંડી જેટલી ઊંચી ભેખડ સુધી પહોંચેલ પાણી ઝડપથી ઊતરી રહ્યાં હોય અને થોડીવારમાં તેનું તળીયું દેખાતું હોય. તા. ૨૮-૮-૭૮ના ફૂલછાબમાં "મોડેથી વિશ્વા-મિત્રીનાં પૂર ઓસર્યાં, વ્યવહાર ચાલુ. વડોદરા શહેરનો વાહન

વ્યવહાર રાખેતા મુજબનો થઈ ગયેલ છે તેવા ખબર મળેલ.

તા. ૬-૯-૭૮ના 'સંદેશ' તથા ફૂલછાબમાં પૂરનાં કારણે દિલ્હીમાં યમુનાનાં પાણી દર કલાકે એક ફૂટ વધી રહ્યાં છે તેમજ શહેરનો કેટલોક વિસ્તાર પાણીમાં હોવાના ખબર મળતાં પ્રભુશ્રીએ લોકો તથા અન્ય જીવો આ આપત્તિમાંથી ઊગરે તે અર્થે પ્રાર્થના કરાવતાં શ્રી નારણભાઈને અભય આપતા કરુણાપૂર્ણ શ્રી બુદ્ધ ભગવાનનું દર્શન થયેલું. સાથે સાથે પૂરનાં પાણી ઘટી રહ્યાં હોય તેવું સ્પષ્ટ દર્શન થયેલું.

આ પછી રેડીયો પર સમાચાર મળેલ કે પાણી વધતાં અટકી ગયાં છે.

તા. ૨૭-૯-૭૮ 'ઓરિસ્સા પર વાવાઝોડાનો ભય' તેવા ખબર રેડીયો પર આવતાં, આવું કંઈ ન થાય તેવી પ્રભુશ્રીએ પ્રાર્થના કરાવી. આ પ્રાર્થના બાદ શ્રી નારણભાઈને "જળમાં કેટલીક સઢવાળી તરતી સ્થિર હોડીઓ તથા કેટલીક સઢ વગરની ઝડપથી જતી હોડીઓનું દર્શન થયેલ જે પરથી વાવાઝોડું શમી જશે તેવી ધારણા થયેલ અને ત્યારબાદ વાવાઝોડા વિશે પણ કંઈ વધુ સમાચાર આવેલ નહીં.

ચિદ્દબોધ બ્રહ્મચારી

રામકૃપા,
૨૦/૨૬, ન્યુ જાગનાથ,
રાજકોટ.

તા. ૪-૭-૭૬ જેઠ શુદ બીજ શનિવારે, હું મારા ગામ ભડલી ગયો હતો ત્યારે સારાએ ભાવનગર જીલ્લામાં વાવાઝોડા સાથે વરસાદનું તાંડવ મંડાણું હતું. આ સમય દરમ્યાન હું રાજકોટ "શ્યામલ"માં પરમ પૂજ્ય આત્મન્ ભગવાનની સેવામાં રહેતો હતો, જ્યાં કેટલાક સમયથી સત્યયુગ સંસ્થાપન તથા પ્રલય નિવારણ અર્થે અખંડ ધૂન ચાલી રહેલ હતી. આ ભયંકર તોફાન તથા અતિવૃષ્ટિ અટકે તે અર્થે મેં ભગવાનને પ્રાર્થના કરી અને અમુક સંખ્યામાં મંત્ર જપ કરવાનો સંકલ્પ કરી, જપ કરવા શરૂ કર્યા.

ચાર પાંચ કલાકમાં વરસાદ બિલકુલ બંધ પડી ગયો અને તોફાન શમી ગયું ત્યારે ગામમાં લગભગ બધાંજ કાચાં મકાનો અને કેટલાંક પાકાં મકાનો પણ ઓછે વત્તે અંશે તૂટી પડેલ, જ્યારે અમારું કાચું મકાન એમને એમ રહી ગયેલ!

**શ્રી રણજીતસિંહ ગોહેલ.**

રૂક્ષ્મણી નિવાસ,
આનંદનગર,
બ્લોક નં. ૩૬૭,
ભાવનગર.

તા. ૪-૭-૭૬ના દિવસે ભાવનગરમાં થયેલ અતિ-વૃષ્ટિના કારણે બોર તળાવ પાણીથી ભરાઈ છલકાઈ ગયું. આ સાથે દરિયાઈ તોફાન અને શહેર પર ત્રાટકેલ વાવાઝોડાના કારણે ઠેકઠેકાણે દરિયાનાં મોટાં મોજાંઓ શહેર તરફ ધસી રહ્યાં હતાં. આ પ્રમાણે બોર તળાવનું ઉભરાતું પાણી માઝા મુકતાં દરિયાનું પાણી તેમજ વરસાદ ચાલુ જ રહેવાથી ઘણાં મકાનો પાણીમાં ડૂબી ગયેલ.

આ વખતે અમારા મકાનની આજુબાજુના બ્લોકો ખાલી કરાવ્યા અને અમારી પાસે પણ ખાલી કરાવવા આવ્યા ત્યારે ઘરના માણસોએ એવું નક્કી કર્યું કે ઘર છોડી બહાર જવાને બદલે ભગવાન સાથે જ છે તેવી દૃઢ શ્રદ્ધાથી 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મ-મંત્રની ધૂન કરવી.

ધૂન શરૂ કર્યા બાદ થોડીવારમાં જ પાણી હટવા લાગ્યું અને એસ. આર. પી. વાળા પણ ફરી આવી કહી

ગયા "ભય ચાલ્યો ગયો છે બ્લોક છોડવાની જરૂર નથી."

શ્રી મનુભા એમ. જાડેજા

સેક્ટર નં. ૨૮,
બ્લોક નં. ૩૯/૨ ધ
ગાંધીનગર

તા. ૧૮-૧૨-૭૬ શનિવાર મોડી રાત્રે પરોઢિયે મેં સ્વપ્નમાં એક મોટા મેદાનમાં સ્ત્રીઓ, પુરુષો તથા બાળકોને લોહીલોહાણ હાલતમાં જોયા. મેં પૂછ્યું, "આમ કેમ થયું?" તો તેઓએ કહ્યું, "તમે જુઓ." એ સાથેજ જેમ ભમરી ચક્કર ચક્કર ફરી જમીનમાં દર કરે તેમ સઘળાં માણસો ચક્કર ચક્કર ફરતાં જમીનમાં સમાઈ જતાં દેખાયા અને પછી તેઓ તેવી જ રીતે જમીનની ભીતરમાંથી બહાર આવ્યા ત્યારે તે બધાજ લોહીલોહાણ હાલતમાં હતા. મેં પાણી વડે તેઓનાં શરીરો સાફ કર્યાં.

ઉપરના આ સ્વપ્નનું રહસ્ય જાણવા મેં પ્રભુશ્રીને લખી પૂછાવી જોતાં તેઓશ્રીએ જણાવ્યું કે તે (સ્વપ્ન) કોઈપણ ઠેકાણે પ્રલયના અંગરૂપ ધરતીકંપ થવાની શક્યતા સૂચવે છે. સાથે સાથે તેના ભોગ બનનાર જીવોના આત્માઓ આર્તનાદથી એવું વિનવતા જણાય છે કે જો

પ્રલયકારી આપત્તિને અટકાવવાની શક્તિ ધરાવતા બ્રહ્મમંત્રની અખંડ ધૂન આ નિમિત્તે કરવામાં આવે તો તેઓ આ આપત્તિમાંથી જરૂર બચી જાય.”

પ્રભુશ્રીના આ અર્થઘટનથી પ્રેરાઈ અમોએ આ નિમિત્તે ઘેર સવા લાખ બ્રહ્મમંત્રનું અનુષ્ઠાન કરવાનું નક્કી કર્યું. અનુષ્ઠાન દરમ્યાન તા. ૩૧-૧૨-૭૬ના મને એક સ્વપ્ન આવ્યું, જેમાં મેં એકાએક ધરતીકંપ થતો અનુભવ્યો. અમો બધા તુરતજ ઘરની બહાર નીકળી એક જગ્યાએ ધૂન કરવા બેસી ગયા. અમારા પડોશીની દીકરી દિવ્યા આવી બધાને કહેવા લાગી કે શુકલકાકાના ઘરના લોકો બેઠા છે તેની સાથે જ બેસીએ, જેથી ધરતીકંપ નડે નહીં.

તેઓ બધાં બેઠાં અને તુરતજ ધરતી એકદમ જોરથી ધણધણીને બંધ થઈ ગઈ. એટલામાં તો જમીનમાં મોટા મોટા ખાડાઓ પડેલા દેખાયા! અમો બધા હર્ષથી કહેવા લાગ્યા કે પૂજ્ય પ્રભુશ્રીની કૃપાથી કંઈ થયું નહીં, બધાં બચી ગયાં. આજ સમયે બે ઘીના દીવા ઝળહળતા હોય તેવું દર્શન થયું અને ચારે બાજુ પ્રકાશ થઈ રહ્યો!

શ્રી ચિમનલાલ કે. શુકલ

શ્રી મૂળશંકર શાસ્ત્રી શેરી,
મોચી બઝાર રોડ,
રાજકોટ.

ગયે વર્ષે (સને ૧૯૭૭માં) ચોમાસા દરમ્યાન રાજકોટમાં એક વખત ભારે ધોધમાર વરસાદ લાંબા સમય સુધી ચાલુ રહ્યો ત્યારે રાત્રિના સ્વપ્નમાં હું અતિવૃષ્ટિ અટકાવવા 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્ર સાથે આત્મન્ ભગવાનની આરતી કરતો હોઉં અને તેનાથી વરસાદ બંધ થઈ જતો હોય તેમજ જમીન પરનાં પાણી હટી જતાં હોય તેવું મને દર્શન થયું.

ત્યારબાદ હું જાગ્યો ત્યારે મેં હ્રીઁ શક્તિ સાથે શ્રી આત્મન્ ભગવાનને આ અતિશય વરસાદ અટકાવવા પ્રાર્થના કરી કે તુરતજ વરસાદ ધીમો પડી બંધ થઇ ગયેલ.

શ્રી રામજી કાળાભાઈ પટેલ

૪, જાગનાથ પ્લોટ,
રાજકોટ.

તા. ૨૯–૯–૭૭ની રાત્રે "શ્યામલ"ના એક ભક્તને, સ્વપ્નમાં, સારાએ જાપાન પર સખત ધરતીકંપ સાથે

જ્વાળામુખી ફાટી રહ્યો હોય અને તેની સાથે દરિયાઈ તોફાનથી ઘેરાયેલ આખાએ દેશ પર લોકોની કારમી ચીસો વચ્ચે સમુદ્રનાં પાણી ફરી વળતાં હોય તેવું અત્યંત ભયાનક દર્શન થયેલ.

સમગ્ર જાપાનના સઘળા લોકો પર આવી રહેલ આ પ્રાણ-ઘાતક આપત્તિ આવતી અટકે તે અર્થે પ્રભુશ્રીએ 'શ્યામલ'માં ફરી ફરી પ્રાર્થના કરાવેલ.

ઉપર પ્રમાણે નિયમિત રીતે ત્રણેક દિવસ પ્રાર્થના કરાવ્યા બાદ જ્યારે હું શ્રી જગનાથ મંદિરમાં દર્શન કરવા ગયો ત્યારે શિવ ભગવાનના મંદિરમાં પ્રભુશ્રીની આજ્ઞાનુસાર જાપાનની રક્ષા અર્થે ખાસ પ્રાર્થના કરતાં, જાપાન પર વહેલી સવારના અજવાળા જેવા આછા પીળા પ્રકાશનું દર્શન થયેલ. ત્યારબાદ 'જાપાનને કંઈ નહીં થાય' તેવી અંતરવાણી સંભળાયેલ. તે પછી શ્રી રામચંદ્રજીના મંદિરમાં દર્શન કરતાં પણ તેવોજ અનુભવ થયેલ અને શ્રી હનુમાનજીના મંદિરમાં સ્વયં શ્રી મારુતિ જાપાનની વહારે જઈ રહ્યા હોય તેમજ રક્ષા અર્થે જાપાન પર ઊડી રહ્યા હોય તેવાં દર્શન થયેલ!

શ્રી રસિકલાલ જોશી

કાનપર,
વીરનગર થઈ.

તા. ૨-૩-૭૮ ગુરુવાર રાત્રિના જ્યારે હું 'શ્યામલ'માં પૂજાના ઓરડામાં ધૂન કરી રહ્યો હતો ત્યારે મને બ્રાહ્મ-મુહૂર્ત વખતે એવું દર્શન થયું કે એક નદીમાં એકાએક પૂર આવ્યું અને પુષ્કળ માણસો તણાવા લાગ્યા. હું ગભરાઈ ગયો ત્યાં તો આત્મન્ પ્રભુજી આવી પહોંચ્યા. તેઓશ્રીએ નાયલોનની એક પાતળી દોરી નદીમાં નાખી અને બધા માણસો તે દોરીને આધારે નદીમાંથી બહાર નીકળી ગયા. દોરી પાતળી હતી. પરંતુ, 'ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ'ના મંત્રથી તે વણાયેલી હતી તેવી મને પ્રતીતિ થયેલ.

શ્રી બાબુલાલ મેઘજીભાઈ ખંધડીયા

સતકબીર,
બેડીપરા,
રાજકોટ.

ગઈકાલ તા. ૧૨-૮-૭૮ રાત્રે સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિના નિવારણ અર્થે પ્રભુશ્રીએ અમોને પ્રાર્થના કરવા કહ્યું ત્યારે મને રાતના બહાર આકાશમાં

વાદળાંઓ વચ્ચે ઇન્દ્ર જેવી વ્યક્તિની ઝાંખી થઈ.

આ ઝાંખીના અનુસંધાનમાં મને ફરી ધ્યાનમાં એવું દર્શન થયું કે ઇન્દ્ર ઉપર સ્વર્ગમાં હોય અને તેની નીચે અંતરિક્ષમાં અસુરો અથવા રાક્ષસો આ તરફ જુદા જુદા આયુધો ઉગામી રહ્યા હોય અને જમીન વરસાદના અભાવના કારણે પાક વિનાની તથા સુકા ઘાસવાળી હોય.

દુષ્કાળના નિવારણ અર્થે ફરી પ્રાર્થના કરી ત્યારે જવાબમાં ધ્યાનમાં નીચે પ્રમાણેનું દર્શન થયું.

કોઈ એક ગામના રસ્તા પર લોકો ઘણા બહોળા પ્રમાણમાં 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ' બ્રહ્મમંત્રની અખંડ ધૂન કરતાં જઈ રહ્યા હતા અને આકાશમાં "અખંડ ધૂન" તે પ્રમાણે શબ્દો લખેલ હતા. ત્યારબાદ આ શબ્દો અદૃશ્ય થઈ ગયા અને જે દિશામાં લોકો જતા હતા તે દિશામાં મને દૂર વિષ્ણુ ભગવાનનાં ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થયાં!

શ્રી પ્રદ્યુમ્નસિંહ જી. જાડેજા

★

## અખંડ ધૂન અંગેની સુવ્યવસ્થા માટેના અગત્યના નિયમો તથા ઉપયોગી સૂચનો:

૧. **ભાઈઓ તથા બહેનો વચ્ચેની મર્યાદા, ધૂન-ખંડની પવિત્રતા તથા ભાવિક ભક્તોમાં થતી ઉદ્દીપના બ્રહ્મ-યજ્ઞનો પાયો છે.**

(ક) વિશાળ ખંડમાં **પૂરતા અંતરે** બેસી ધૂન કરવા માટે ભાઈઓ તથા બહેનો અંગે સ્થાયી અલગ વ્યવસ્થાની **અનિવાર્ય આવશ્યકતા** છે. ધૂન અર્થેનો ખંડ વિશાળ ન હોય તો બહેનો માટે બાજુમાં ઓરડા અથવા પરશાળની સગવડ હોવી જોઈએ.

કેવળ બહેનો **થકી** જ ચલાવાતા અખંડ ધૂન **મં**ડળ સિવાય, **બહેનો માટે ધૂનનો સમય સૂર્યોદયથી સૂર્યાસ્ત** સુધીનો જ હોવો જોઈએ.

(ખ) ધૂન-ખંડમાં પાળવાના અન્ય નિયમોમાં નિયમિત સ્નાન, સ્વચ્છ વસ્ત્રો, આસપાસની સુઘડતા તથા ખંડમાં ધુમ્રપાન નિષેધ વિગેરે **સત્-આચારનો** સમાવેશ થાય છે.

(ગ) ધૂન-ખંડમાં પૂજા અર્થે પધરાવેલ ભગવાનની છબીઓની **ધૂપ**, વિષ્ણુ-જ્યોત (ગાયના ઘી)ના **દીપ** વડે **ઘંટડી સાથે** નિયમિત **ત્રિકાળ આરતી**, બ્રહ્મયજ્ઞનું એક અંગ હોવાથી, તે આવશ્યક છે.

(ઘ) અખંડ ધૂનના સ્થળે **સત્યયુગ-સંસ્થાપન તેમજ પ્રલય-નિવારણ અર્થેનો** ગાયના ઘીનો અખંડ દીવો સ્થાન-રક્ષા અંગે પણ આવશ્યક છે. **આ દીવો પહેલેથી જ જાળીના સંપૂર્ણ ઢાંકણવાળો હોવો જોઈએ, જેથી કરી એક પણ નાના જીવની હિંસા થાય નહીં. દીવાને પ્રકટાવી જાળીથી સંપૂર્ણપણે ન ઢાંકવો તે અપરાધ છે.**

**૨. અખંડ ધૂનની અતૂટતા તથા સભ્યોની નિયમિતતા વિષે:**

(ક) **પ્રત્યેક સભ્યને અખંડ ધૂનની મહત્તા તથા અતૂટતાની આવશ્યકતાનો સંપૂર્ણ ખ્યાલ હોવો અત્યંત જરૂરી છે.**

(ખ) અહર્નિશ ચાલતી આ અખંડ ધૂનમાં કોઈપણ સમયે ધૂન કરનાર સભ્યોની સંખ્યા **બે થી ઓછી** થવી જોઈએ નહીં.

(ગ) જાહેર જનતાના ગમે તેટલા લોકો અખંડ ધૂનમાં ભાગ લઈ રહેલ હોય તો પણ **અખંડ ધૂન મંડળના** (ઓછામાં ઓછા) બે **સભ્યો** તો ત્યાં હાજર હોવા જ જોઈએ.

(ઘ) શ્રી રામનવમી તથા શ્રી ગોકુલઅષ્ટમી જેવા ધાર્મિક ઉત્સવો પર **ભજનો વિગેરેના અન્ય કાર્યક્રમ વખતે** પણ ઓછામાં ઓછા બે સભ્યો દ્વારા અખંડ **ધૂન ચાલુ રહેવી જ જોઈએ.**

(ચ) નિયત સમયે આવનાર સભ્યો માટે સમયસર આવી જવું તે એક પવિત્ર ફરજ છે.

(છ) પોતાનો ધૂનનો સમય પૂરો થયા બાદ પણ જનારા સભ્યોએ શક્ય હોય ત્યાંસુધી આવનાર સભ્યોના આગમન સુધી રાહ જોવી જોઈએ, જેથી કરી ધૂન અતૂટ રહે.

(જ) કોઈપણ સભ્યને **અનિવાર્ય સંજોગોમાં ગેરહાજર રહેવાનું થાય તો** પોતાની બદલીમાં કોઈપણ જવાબદાર વ્યક્તિને પોતાના સમય પૂરતી ધૂનમાં મોકલાવવી જોઈએ. તેમ કરવું શક્ય ન હોય તો ધૂનના તે વખતના અઠવાડિક મંત્રીને **સમયસર જણાવી દેવું** અત્યંત આવશ્યક છે.

(ઝ) પ્રત્યેક અખંડ ધૂન મંડળને એક **અઠવાડિક મંત્રી** હોવા જરૂરી છે. તેની **મુખ્ય જવાબદારી તેના સાત દિવસ દરમ્યાન, અખંડ ધૂનની અતૂટતા અંગેની દેખરેખ અંગેની છે.**

૩. **ધૂન અને તેના ધ્યેયની સુસંગતતા અંગે:-**

**લોકો** માટે આ બ્રહ્મયજ્ઞના ધ્યેય – **સત્યયુગ સંસ્થાપન તથા પ્રલય નિવારણ – નો સ્પષ્ટ ખ્યાલ** હોવો આવશ્યક છે; **સભ્યો** માટે ઉપરના ઉદ્દેશની સભાનતા સાથે તે અર્થનો **સંકલ્પ તેમજ સમર્પણ,** ઉપરાંત સત્યયુગ તથા પ્રલય નિવારણના

દિવ્ય આધ્યાત્મિક માર્ગદર્શનરૂપ બ્રહ્મમંત્રના નિદિધ્યાસનનું **ધારણા અર્થે દૈનિક વાંચન** આવશ્યક છે.

**૪. અખંડ ધૂનને સારી રીતે ચલાવવા અંગે:**

કરુણાપ્રેરિત, કૃતસંકલ્પ, કર્તવ્યપરાયણ પાંચેક વ્યકિતઓ પણ અખંડ ધૂનને સુંદર રીતે અતૂટપણે ચલાવી શકે. તેમ છતાં આ અધ્યાત્મ-યજ્ઞ બોજારૂપ બની જઈ બંધ ન થઈ જાય તે અર્થે દરેક અખંડ ધૂનમંડળને ઓછામાં ઓછા **ચોવીસ સભ્યો** તેમજ **વધારાના પાંચેક** સભ્યો હોવા જરૂરી છે, જેથી કરી **કોઇપિણ સભ્યને બે કલાકથી વધુ સમય ફરજીયાત આપવો પડે નહીં.**

બે અથવા વધુ **ધૂનપ્રેમી સુપાત્ર સાધુઓ** અથવા **ભાવિક ભકતોની સ્થાયી હાજરી,** પ્રલયખંધ વિનિયોગ અર્થેની બ્રહ્મમંત્રની આ અખંડ ધૂનને **તાત્કાલિક ચાલુ કરવામાં** અથવા ચાલુ થયેલ અખંડ ધૂનને **અતૂટ રાખવામાં મદદરૂપ** હોવાથી જો આવા ભકતોને આર્થિક સંકડામણને લીધે તેમની દૈનિક જરૂરીયાત અંગે નોકરી કરવીજ પડે તેમ હોય **તો તેને બદલે તેઓના ભોજન વિગેરેની વ્યવસ્થા** સભ્યોમાંથી કોઈ પહોંચી શકે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ વારાફરતી કરવા ખુશી હોય, તો તે યોગ્ય જ છે.

૫. અખંડ ધૂનના સાતત્યમાં અંતરાયરૂપ 'કંટાળા' તથા 'થાક'ના પ્રશ્નોનું નિવારણ :

ૐ હ્રીઁ રામ, જય રામ, જય જય રામ બૃહદ્ બ્રહ્મ-મંત્ર શાસ્ત્રીય સંગીત અનુસાર સર્વ રાગરાગિણીમાં ગાઈ શકાતો હોવાથી દસેક મિનિટના અંતરે રાગ **બદલાવવાથી** સતત રટણના કારણે ઉત્પન્ન થતી કંટાળાની લાગણી દૂર થશે તેમજ **અખંડ ધૂનનો ભજનાનંદ અનુભવી શકાશે.**

આ ધૂનને રાગમાં, **મધ્યમ સાદે,** તાલબદ્ધ રીતે ગાવાથી **થાકના પ્રશ્નનો** ઉકેલ પણ આપોઆપ થઈ જશે **અને ભાવ અનુસાર ઉદ્દીપના પણ અનુભવાશે.**

*રાગમાં ગાવામાં આવતી ધૂનમાં પણ જો મંત્રને **ફરીફરીને** એકજ તર્જમાં ઘૂટવામાં આવશે તો **કેવળ કંટાળો** જ **ઉત્પન્ન થશે,** પરંતુ જો (બ્રહ્મ)મંત્રને રાગ અનુસાર છએક લીટીના ભજનની જેમ **આરોહ-અવરોહ સાથે** ગાવા-ગવરાવવામાં આવશે તો તે **અવશ્ય આહ્લાદક લાગશે.**

★ **બ્રહ્મમંત્રના અર્થને આત્મસાત્ કરો.** ★

★ **ધૂનમાં 'નિદિધ્યાસન'ની ધારણા કરો.** ★

★ **ધૂનને ધ્યેયલક્ષી બનાવો.** ★

★ **અખંડ ધૂનને અતૂટ રાખો.** ★

**૬. પ્રવર્તમાન પ્રલયકાળના અધ્યાત્મ-વૈજ્ઞાનિક નિવારણમાં સાધુ-સંતો તથા સુજ્ઞ જનોનું કર્તવ્ય :**

વિશ્વને સ્પર્શતી, અદ્યપર્યંત ખરી પડેલ, અસંખ્ય ભવિષ્ય-વાણીઓના સંદર્ભમાં, જગતના વિધવિધ ધર્મ-પ્રણેતાઓએ તેમજ પ્રાચીન, મધ્યકાળ તથા અદ્યતન સમય સુધીના પૌરાત્ય તથા પાશ્ચાત્ય દેશોના આર્ષદ્રષ્ટા, જ્યોતિર્વિદો તેમજ ભવિષ્યવકતાઓએ કરેલ એકધારી આગાહીઓ અનુસાર **ઈ.સ. ૧૯૭૫થી ૨૦૦૦ સુધીનો સમય પ્રલયનો છે,** જે દરમ્યાન વિશ્વની મહત વસ્તીના નાશની શકયતા રહેલ છે.

આ **પ્રલયના** નિવારણ તેમજ **સત્યયુગ-સંસ્થાપન** અર્થેના **'ॐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'** બૃહદ્ બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ અધ્યાત્મ-યજ્ઞમાં ઋષિઓ, મુનિઓ, સાધુ-સંતો, મંદિરોના પૂજારીઓ, ઉચ્ચ કોટિના ભકતો તથા યોગસાધકો, સંધ્યા-ગાયત્રી કરતા દ્વિજો, વિદ્વાન ધર્મકથાકારો, મઠ-મહંતો, આશ્રમોના સ્વામીઓ તથા સેવાસંઘના અધ્યક્ષો, ધર્મસ્થાનોના ન્યાસધારીઓ (ટ્રસ્ટીઓ), વિદ્યાર્થી-ભવનોના સન્નિષ્ઠ સંચાલકો, ભાવિક સંગીત-કલાકારો તેમજ સત્કર્તવ્યપરાયણ સુજ્ઞજનો જાતે ભાગ અથવા રસ લે, તે બ્રહ્મયજ્ઞને ઉચ્ચ ભૂમિકા પર ટકાવી, જારી રાખવામાં **આધ્યાત્મિક દૃષ્ટિએ એક પવિત્ર કર્મ છે, નૈતિક દૃષ્ટિએ પરમ કર્તવ્ય છે.** सत्-चित्-आत्मन